# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ જૂન - ૨૦૨૨ અંક : ૬
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57



Bengali woman performing dhunuchi dance
rangoli by : Shailee Prashant Mody, Vadodara

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જૂન - ૨૦૨૨, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૦, અંક-૬

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,
જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), વિદેશમાં : રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

## DESHBHAKTI GEET - MY COUNTRY MY INDIA



My country My India
Has snowy mountains in the north,
Amazing coastlinesin the south,
Ever expanding deserts in the west
While east not behind with its green forests.

My country My India
Will be incomplete without souths idli dosa,
How can anyone miss out norths chole &samosa,
East will quench my hunger with fish and rice,
While west will have fafda and dhokla to suffice.

My country My India
Has the pashmina and phulkari in the north,
While kasavu and kalamkari in the south,
The east loves its jamdaniand sambalpuri,
While west boasts of bandhni and paithani

My country My India
Has the lady who shines like Eastern sun –MaryKom,
Has the girl who is as surreal as the Arabian sea – Mana Patel,
Has the power of Gita and Babita Phogat
And the speed of P. V.Sindhu,

My country My India
Has the diversity of Millions
And unity of one.

**— HARSHIL PARIKH, AGE 11 Years**
**UDGAM SCHOOL , STD SIX**

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

## "સમ્ભવામી.... યુગે.... યુગે"



મધ્યાહનનો સમય હતો.

ભગવાન શ્રી કૃષ્ણનું અવતાર કાર્ય પૂર્ણ થયું અને હવે પોતાનાં જીવનની અંતિમ પળોમાં પ્રભાસક્ષેત્રનાં જંગલોની ત્રણેય દિશાઓમાંથી વહેતી નદીઓ... "હિરણ્ય", "કપિલા"... અને "સરસ્વતી"નાં સંગમ-સ્થાનની પવિત્ર-ભૂમિ પરનાં (હાલનાં દ્વારકા / વેરાવળ પાસે આવેલું ભાલકા તીર્થક્ષેત્ર) ઘટાદાર પીપળાના વૃક્ષ નીચે આંખો બંધ કરીને એકલા – અટુલા સુતા હતાં. આંખો બંધ હતી, છતાંય કોણ – જાણે કેમ... બંધ આંખે જોતા હતા કે કોણ છે મારા સગા ? અને કોણ છે મારા સ્નેહી ? મારૂં તો કોઈ નથી, મારે તો સગપણ હતું સત્ય સાથેનું અને ધર્મ સાથેનું. વળી થોડી વાર થઈ એટલે એમની સમક્ષ વળી પાછો દ્વારીકાનો આ મહાપ્રલય..., કુરુક્ષેત્રનું મહાયુધ્ધ..., દ્રૌપદીનો સ્વયંવર, માતા ગાંધારી અને દુર્વાસા મુનીનાં શ્રાપ વગેરે પ્રસંગો સ્મરણ-પટ પર આવીને વિલીન થઈ જતાં હતાં.

પગમાં વાગેલા તીરના ઘામાંથી ટપકતા રક્તને કારણે તેમનાં પગની પાની પાસે રક્તનું એક નાનકડું વર્તુળ રચાઈ ગયું હતું. પારાવાર પીડા અને હજારો વીંછી એક સામટા ડંખ મારતા હોય, એવી કાળી – બળતરા એમનાં શરીરને વીંટળાઈ હતી.

યાદવા-સ્થળી હજી હમણાં જ પુરી થઈ હતી, થોડે દૂર હિરણ્ય, કપિલા અને સરસ્વતી નદીનાં સંગમ પાસે સૂરજ-દેવતા ઉગવાની તૈયારી કરતાં હતાં. આકાશ રક્તવર્ણ થઈ ગયું હતું. ઠંડો પવન ફરફર ફરકતો હતો. પીગળતો અંધકાર અને રાતુચોળ આકાશ... જાણે એક ભડભડતી ચિંતા હોય... એમ.. જવાળાઓ આકાશમાં આકાર રચી રહી હતી.

હજારો બ્રાહ્મણો વેદગાન કરીને જેમ દશેય – દિશામાં ધર્મનો સંદેશો પહોંચાડતાં હોય, એમ આજે પ્રભાસ-ક્ષેત્રનાં, વૃક્ષોમાં શ્રેષ્ઠ, પીપળાનાં વૃક્ષનાં પાન, વહેતા પવન સાથે શ્રી કૃષ્ણની પીડાનું રૂદન-ગાન કરતા હોય એમ લાગતું હતું.

... મમૈવાંશો જીવ લોકે...જીવભૂતઃ સનાતનઃ ,

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

મનઃ પ્રષ્ઠાનીંદ્રિયાણિ પ્રકૃતિ–સ્થાનિ કર્ષતિ । ગીતા ૧૫.૭

અર્થ : સંપૂર્ણ જગતના જીવો મારા જ સનાતન અંશ છે. મારા અંશ સ્વરૂપ જીવો જ પ્રકૃતિના ગુણો પ્રત્યે આકર્ષાય છે અને જીવાત્મા કહેવાય છે.

મૃત્યુમય જીવન કે જીવનથી ભરપૂર મૃત્યું....

આ બેની વચ્ચે અટવાતા જીવોને જે કદીયે ન હોતું સમજાયું એવું એ સનાતન સત્ય. સત્ય સ્વરૂપ પરમાત્મા શ્રી કૃષ્ણને ચિદાનંદમાં લય થતી જોઈ જાણે પ્રકૃતિ પણ રૂદન કરતી હતી.

જે સનાતન પરમાત્માએ પોતાનું અનાદિ, અનંત કાળથી યુગો–યુગોથી અસ્તિત્વમાં આવેલું પોતાનું જ અવિનાશીપણું "કુરુક્ષેત્ર"નાં મહા–યુધ્ધ સમયે આખા વિશ્વને દેખાડ્યું હતું એ જ સનાતન, સ્વયં ઈશ્વર પણ જ્યારે મનુષ્યાવતારે જન્મે છે... ત્યારે પોતાના માટે લખેલા ભાવી સાથે પોતે પણ, લાચાર અને અસહાય બની જાય છે.... ત્યારે... આપણા જેવા આ કાળા–માથાનાં માનવીનું શું ગજું ?

.........

કુરુક્ષેત્રનાં યુધ્ધમેદાનમાં શ્રીકૃષ્ણે ક્યારેય કોઈ શસ્ત્રો હાથમાં ન હોતા લીધા, ના... તો... કોઈનો સંહાર કરેલો એ વાત સાચી... પણ આમ છતાંય આખા યુધ્ધમાં એમણે જોયેલો રક્તપાત અને નર–સંહાર પળેપળ તેમને સંતાપી રહ્યો હતો.

શું અર્જુનનું કથન સત્ય હતું ? ભાઈ–ભાંડુઓ, કાકા–ભત્રીજાઓને મારીને મેળવેલું રાજ્ય, વ્યર્થ હતું ? જો એમ ના હોય તો પાંડવો સહિત કેમ કોઈ સુખની નિંદ્રા લઈ શક્તું નથી ? કુરુક્ષેત્રનાં યુધ્ધ પછી ધર્મનો જય તો થયો, પણ અધર્મ ખરેખર નાશ પામ્યો હતો? આવા ભાત–ભાતનાં વિચારો અસ્ખલીત પ્રવાહોની જેમ આવીને વહી જતાં હતાં. ધ્યાનસ્થ થવાનો પ્રયાસ કરતા શ્રી કૃષ્ણને વારંવાર પોતાનું ધ્યાન – વિચલીત થતું લાગતું હતું... એમને... ધ્યાનસ્થ થઈને સમાધીમાં ચાલી જવું હતું. પણ, એક વિચાર હજી પૂરેપૂરી રીતે મનમાંથી બહાર ના નીકળ્યો હોય... ત્યાં બીજો વિચાર ધસી આવતો હતો, અને.... શ્રીકૃષ્ણ... પોતે છિન્ન–ભિન્ન થઈ જતાં હતાં.

કુરુક્ષેત્રનાં યુધ્ધ પછી શ્રીકૃષ્ણ માતા ગાંધારીને મળવા ગયેલા.... ત્યારે પુત્ર–વિયોગથી પીડાતા માતા ગાંધારીનાં અવાજમાં હૃદય વલોવી નાંખે એવી પીડા હતી. માતા

ગાંધારીએ કહ્યું હતું કે "હે નિયતી... હું મારી નરી–આંખે આ ભયાનક યુદ્ધ તો ના જોઈ શકી, પણ હું જોઈ શકું છું કે મારા કુળનો સર્વનાશ થઈ ગયો. મારા વંશની સ્ત્રીઓ પુત્ર–વિહોણી બની ગઈ. જીવતે જીવ તેની પુત્ર–વધુઓ પોતાનાં પતીઓનાં વધનાં કારણે વિધવા થઈ ગઈ. મ્હેં પોતે મારા નવ્વાણુ... પુત્રોને ખોયા.. મારા દુર્યોધનની જાંઘમાંથી નીતરતા રક્તે મારા પગ પલાળ્યા. મારા દુ:શાસનના ધડમાંથી છુટા પડેલા એ હાથને યાદ કરું છું. ત્યારે હું બેબાકળી થઈ જાઉં છું. હવે હું મારા રક્ત–રંજીત ચરણોને ધોવડાવી – ધોવડાવીને થાકી ગઈ છું."

"હે કૃષ્ણ... તમે... આ બધું ઠીક નથી કર્યું".... અને માતા ગાંધારી એ મને કહ્યું હતું કે... "એક દિવસ, તું પણ... સાવ એકલો, અટુલો અસહાય અને પીડિત, મોતે મરીશ." "તું પણ... તારી... આંખ સામે તારા પુત્રોનાં, તારા પ્રપૌત્રોનાં, તારા સ્વજનોનાં શબ રઝળતા જોઈશ, તારા સ્વજનોનો વિનાશ થતો જોઈશ."

હસ્તિનાપુરનાં મહેલની દિવાલો ચિરતો માતા–ગાંધારીનો આ પીડાજનક અવાજ "તું પણ.. સાવ.. એકલો.. અટુસલો... અસહાય... એ જ રીતે મરીશ" શબ્દોનાં પડઘા વસુંધરાની દશેય દિશાઓમાંથી પછડાઈ, પછડાઈને... પાછા ફરતાં હતાં અને એમને જ... સંભળાતા હતાં. બંધ આંખે... માત્ર પુત્ર–પ્રેમમાં અંધ બનીને જીવી ગયેલા માતા–ગાંધારીનાં ત્યાગે એમને સતીત્વ તો આપ્યું હતું પણ સમાધાન ન હોતું અપાવ્યું.

પોતાનાં પુત્રોનાં અગણીત દોષોને ના જોઈ શકતી માતા–ગાંધારીને સર્વે ઠેકાણે યુધ્ધ માટે શ્રી કૃષ્ણ જ કારણ–ભૂત લાગતા હતાં. શ્રીકૃષ્ણ તો કદીયે યુદ્ધ કે વિનાશ ન હોતા ઈચ્છતા, એટલા માટે તો દૂત–કાર્ય કરવા હસ્તિનાપુરની રાજ–સભામાં પોતે કૌરવો સાથે સંધિ સાધવા ગયાં હતાં અને યુવરાજ દુર્યોધનને અહંકાર ત્યાગવા કહ્યું હતું. પરંતુ... અહંકારી દુર્યોધન પિતામહ ભીષ્મ, મહાત્મા વિદુર કે માતા ગાંધારીની કોઈ વાત સાંભળવા તૈયાર જ ન હતો, તો આવામાં પોતે શું કરી શકે ? એમને તો યુધ્ધ રોકવા બહુ મહેનત કરી પણ... કૌરવો... સાંભળવા તૈયાર જ ન હોતા. તે તો જીવન–ભર સમાધિસ્થ થઈને સ્થિત–પ્રજ્ઞ કહેવાય એવા યોગેશ્વર હતા !

અને.. આમ છતાંય... તેમણે માતા ગાંધારીને બે હાથ જોડીને, પ્રણામ કરીને તેમનાં શ્રાપને સહર્ષ સ્વિકાર કરેલો, કારણ કે પોતે તો જાણતા જ હતા કે ધર્મનાં ઉત્થાન માટે,

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

થયેલા માનવ–સંહારનાં અંતે પોતાના યાદવ કુળની મુક્તિ માટે કાંઈક તો કરવું જ પડશે એથી જ તો તેમણે સ્વયં માતા–ગાંધારીનાં "શ્રાપ"ની ઘડીનું નિર્માણ કર્યું હતું. પોતાનાં હાથે જ પોતાનાં મૃત્યુનો સ્વીકાર અને યાદવકુળનો સર્વનાશ. આવું ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજું કોણ કરી શકે ? સત્ય તો એ જ છે કે પ્રભુ સ્વયં જ યાદવ કુળનો વિનાશ ઈચ્છતા હતાં કારણ કે પોતે જે ધર્મ સ્થાપનાનું કાર્ય કરવા પ્રગટ થયાં હતાં તે અવતારકાર્યની એક આવશ્યકતા યાદવકુળના વિનાશની હતી જ. ભગવાન શ્રી કૃષ્ણ સર્વ કુટીલોમાં પણ શીરોમણી હતાં તેમણે પહેલા યાદવો દ્વારા અનેક યુધ્ધ કરાવી તથા મહાભારતનું યુધ્ધ કરાવી સનાતન ધર્મથી વિમુખ થયેલા અનેક રાજા–મહારાજાઓના વધ કરાવયાં પછી યાદવો જ્યારે મદથી અંધ બન્યા ત્યારે માતા ગાંધારીના શ્રાપને નીમીત્ત બનાવીને પોતે જ યાદવકુળનો સંહાર કર્યો

શ્રીકૃષ્ણ માતા–ગાંધારીની પીડા ન હોતા સમજ્યા એવું ન હોતું..., પણ આજે કાંઈ થયું તે બધું જ થવાનું હતું, તે નિર્મિત જ હતું. પ્રભુની જ લીલા હતી. કારણ.. જ્યારે જ્યારે ધર્મની હાનિ, અને અધર્મની વૃધ્ધિ થાય છે... ત્યારે... ત્યારે મારે પોતાને માનવ–દેહનું રૂપ સર્જીને સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થઈને સૃષ્ટિ રચના નાં કર્મો કરવા પડતા હોય છે...

"પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય, સમ્ભવામિ યુગે યુગે ॥"

ધર્મનાં ઉત્થાન માટે, પાપ કર્મીઓનાં વિનાશ માટે એમણે અહીંયા સુધી આવવાનું કષ્ટ કર્યું હતું... તો પછી આ કાર્ય સિવાય તો પાછા કેમ ફરી શકે ?

પરંતુ મનુષ્યાવતારે જન્મેલા ઈશ્વરને પણ દેહ–ધર્મ પાળવો પડતો હોય છે. દેહની સાથે જોડાયેલી તમામ લાગણીઓ, પ્રેમ, મોહ,માયા અને સંબંધોનાં બંધન દેહને બાંધી રાખે છે. એટલે દેહમાં પુરાયેલુ મન પણ બંધાય છે, એટલે તો મનુષ્યાવતારે જન્મલા સૌને મનની પીડાઓ ભોગવવી પડતી હોય છે. વધુ આવતા અંગે ...

– સનતભાઈ શાહ, અમદાવાદ
મો.નં. ૯૬૨૪૪ ૫૮૩૫૫

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# કર્મ આધારિત વર્ણ વ્યવસ્થા



આપણી પાસે ઋષિઓએ આપેલી વર્ણ-વ્યવસ્થા હતી. એ જન્મ આધારિત હતી અને બ્રાહ્મણ એટલે ઊંચા અને શુદ્ર એટલે નીચા એવા આચારને લીધે એક શોષિત સમાજ અસ્તિત્વમાં આવ્યો. એક વર્ગ દ્વારા બીજા વર્ગના શોષણની શક્યતા ન ઉપજે, તે માટે આઝાદી પછી સર્વ-સમાવેશક બંધારણ ઘડાયું અને કાળક્રમે વિકૃત થઈ ગએલી વર્ણ-વ્યવસ્થા આપણે અભેરાઈએ ચઢાવી દીધી.

પણ, જ્યારે આવી વિકૃતિ નતી પેઠી એ વખતે વર્ણ-વ્યવસ્થા આધારિત સમાજ ઘણો સુવ્યવસ્થિત હશે એવું લાગે છે. તેથી જો વર્ણ-વ્યવસ્થાને અભેરાઈથી ઉતારીને, પાછી ઝાપટી કરીને, સાંપ્રત સમયમાં પ્રસ્તુત હોય તે રીતે અમલમાં લાવીએ તો કદાચ સમાજ વધુ સુવ્યવસ્થિત બને.

તે વખતે સમાજનાં ચાર વર્ણ પાડવામાં આવ્યાં હતાં. આજે પણ એનાં એ ચાર વર્ણ જેમના તેમ રહેવા દઈએ. માત્ર તેમની વ્યાખ્યા આજના સંદર્ભમાં બદલી નાખીએ.

**શુદ્રો એટલે સર્વિસ પ્રોવાઈડર્સ** - સમાજને પૈસા લઈને અમુક સેવા આપતા હોય, તેમને શુદ્ર કહેવાય. ડૉક્ટર, શિક્ષક, વકીલ, પ્લમ્બર, દરજી, ઈલેક્ટ્રીશીયન, રસોઈઆ, સફાઈકર્મી, ડ્રાઈવર, સોની, ઝવેરી, વાહન-કમ્પ્યુટર-મોબાઈલ-કેમેરા-ટેલીફોન વગેરે રીપેર કરનાર, ઈવેન્ટ-મેનેજર, કેટરર, ટ્રાવેલ એજન્ટ, ડીટેક્ટીવ, હોટલ ચલાવનારા મનોરંજન પૂરું પાડનારા (ફિલ્મવાળા - કોમેડી કરનાર-IPL રમનારા-ગરબા ગાનારા) સૌ શુદ્ર વર્ણમાં આવે.

**વ્યક્તિગત લાક્ષણિકતા :**

શુદ્ર વર્ણમાં કામ માટે કરવા માટે વ્યક્તિમાં પ્રમુખપણે ગ્રાહક સાથેનો સંબંધ કેળવવાની આવડત હોવી જોઈએ. આ વર્ણના કાર્યકરે એક-એક ગ્રાહક સાથે વ્યક્તિગત ધોરણે પનારો પાડવાનો હોય છે. જો તેમને મુખ્યપણે એકલા રહેવાનું ગમતું હોય, અંતર્મુખી સ્વભાવ હોય, તો એક-એક ગ્રહક સાથેની

કચકચ તમને નહિ ગમે. આવી વ્યક્તિઓએ સર્વિસ–પ્રોવાઈડર્સની લાઈન ન પકડવી જોઈએ. અન્યથા જીવનમાં તેઓ નાખુશ રહેશે.

તદુપરાંત તે વ્યક્તિ multitasking કરી શકે તેવી હોય તે જરૂરી છે.

**ક્ષત્રિય એટલે સુરક્ષાકર્મી :**

પાર્કિંગની વ્યવસ્થા જાળવનારા, ચોકીદાર, લ્હાય બંબાવાળા, એમ્બ્યુલન્સવાળા, પોલિસ, ethical-hackers, બેંક જેવી નાણાકીય સંસ્થામાં સિક્યોરીટીનું સોફ્ટવેર લખનારા, આપણા ઘરમાં જાતજાતનાં સિક્યોરીટી/સેફ્ટીનાં સાધનો લગાવવાળા વગેરે સૌ આ વર્ણમાં આવે. આપણે આપણા નદી/ઝરણાં/દરિયા–કિનારા સુરક્ષિત નથી રાખતા, પણ આજની જરૂરિયાત પ્રમાણે Bay-Watch જેવા તરવૈયા પણ ક્ષત્રિય કહેવાય.

**વ્યક્તિગત લાક્ષણિકતા :**

આ વર્ણમાં કામ કરવા માટે વ્યક્તિ બલિષ્ઠ હોવી જરૂરી છે. શારીરિક અને માનસિક રીતે મજબૂત જોઈએ. કોઈનાથી ન ડરે અને કોઈના દબાવમાં આવીને સુરક્ષા–વ્યવસ્થાને નબળી ન પાડે એવી હોવી જોઈએ. ખુબ મક્કમ મનોબળ અને એકાગ્રતા સાધી શકે તેવું વ્યક્તિત્વ જોઈએ. પોતાની ફરજ પ્રત્યે ખુબ સભાન હોય તેવી વ્યક્તિ જ સુરક્ષાનું કામ કરી શકે.

**વૈશ્ય :**

વેપાર કરનારા, ખેતી કરનારા, જમીન લે–વેચનો ધંધો કરનારા, પશુ પાળનારા, મત્સ્યઉદ્યોગ ચલાવનારા, શૈક્ષણિક સંસ્થાના માલિકો, મોટી હોસ્પિટલો ઊભી કનારા, ખાણના માલિકો, મીડિયા હાઉસનાં માલિકો, મલ્ટીપ્લેક્સના માલિકો, ધિરાણ આપનારા, શેરબજાર થકી ગુજરાન ચલાવનારા સર્વે વૈશ્ય કહેવાય.

**વ્યક્તિગત લાક્ષણિકતા :**

આ વર્ણમાં કામ કરવા માટે વ્યક્તિમાં પૈસા–ઈકોનોમિ–અર્થતંત્રની સમજ હોય તે જરૂરી છે. રિસ્ક લેવાની તાકત અને રોકવા માટે મૂડી હોય તે જરૂરી છે. દુનિયાના બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવવાની તાકત હોવી જરૂરી છે. સમયનાં વહેણ સાથે બદલવાની તૈયારી હોવી જરૂરી છે. જડ વિચાર–સરણીવાળા

લોકોનું અહીં કામ નથી.

**અંતે રહ્યો બ્રાહ્મણ વર્ણ :**

આ વર્ગમાં સીધી entry શક્ય જ નથી. પોતાના ક્ષેત્રમાં કાઠું કાઢીને, જે તે દિશામાં સંશોધન કરનાર વ્યક્તિ જ બ્રાહ્મણ વર્ણમાં દાખલ થઈ શકે.

દા.ત., પ્રાથમિક શાળામાં 'ગુણાકાર' શીખવનાર ગણિત શિક્ષક શુદ્ર કહેવાય. પરંતુ જો તે 'ગુણાકાર' શીખવવાની નવી સરળ રીત શોધી કાઢે તો બ્રાહ્મણ વર્ગ તરફ એક ડગલું વધ્યો કહેવાય. તેથી આગળ વધીને જોતે 'ગુણાકાર'ની નવી રીત વિવિધ વર્ગોના બાળકોને જુદી ભાષા બોલનારા/જુદી ભૌગોલિક પરિસ્થિતિમાં વસનારા/જુદા આર્થિક વર્ગમાંથી આવનારા સૌ બાળકોની ઉપર અજમાવી જુએ અને તેના પરથી આ બાળકોની 'ગુણાકાર' શીખવાની ક્ષમતા બાબતે પોતાના તારણો કાઢી શકે. વિવિધ દેશોમાં પોતાની આ 'ગુણાકાર' શીખવવાની પદ્ધતિનું પ્રચલન કરી શકે. જો તેની 'ગુણાકાર' શીખવવાની આ નવી પદ્ધતિનો વ્યાપક પ્રમાણમાં પ્રયોગ થાય, તો તે પ્રાથમિક શાળાના શિક્ષકને જ્ઞાન-સર્જક એટલે કે બ્રાહ્મણ હોવાનું બિરુદ પ્રાપ્ત થાય.

જો એ શિક્ષક 'બ્રાહ્મણ' બન્યા પછી દસેક વર્ષ સુધી પોતાની સમાજ-ઉપયોગીતા સિદ્ધ કરે, તો છેવટે તેને 'ભૂદેવ'ની ડીગ્રી મળે.

સમાજમાં આવા ભૂદેવોને સર્વોચ્ચ સ્થાન મળવું જોઈએ. આવા લોકોની રાહબરી હેઠળ સમાજ ચાલવો જોઈએ.

બીજું ઉદાહરણ લઈએ. ચાર રસ્તા પર ટ્રાફિકનું સંચાલન કરતો પોલિસ, એમ તો ક્ષત્રિય વર્ણમાં આવે પરંતુ જો તે ટ્રાફિક-સુરક્ષાનું એવું નવું મોડલ સૂચવે, કે જેથી રોડ-અકસ્માતમાં થતાં મૃત્યુનો દર 0.5% જેટલોય ઘટી જાય અને જો તેનું એ સુરક્ષા-મોડેલ વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાય, તો તેને બ્રાહ્મણ વર્ણ તરફ પ્રમોશન મળે. તે પછી તેની સેવાઓ હાઈ-વેના અકસ્માતમાં ઘટાડવા માટે લેવાય. જો તે દસ વર્ષ માટે હાઈ-વે સુરક્ષાની ફરજ બજાવે અને તેમાં પણ સફળતાપૂર્વક અકસ્માતમાં થતાં મૃત્યુનો દર ઘટાડી આપે તો તેને ભૂદેવ - (PhD સમકક્ષ) પદવી પ્રાપ્ત થાય.

આમ વ્યાપક પ્રમાણમાં સમાજનું ભલું કરનાર દરેક વ્યક્તિ બ્રાહ્મણ ગણાય. પોતાના કાર્યક્ષેત્રમાં પ્રત્યેક જણને સમાજમાં ઊપર ઉઠવાની આવી તક મળે, તો કોઈ કામ મોટું અને કોઈ કામ નાનું ન રહે.

આવી વ્યવસ્થા થાય, તો ટ્રાફિક પોલીસને પોતાનું કામ ક્ષુલ્લક ન લાગે. આજના સંદર્ભમાં તો કોઈ પણ ટ્રાફિક પોલીસ પોતાના છોકરાને કહેશે કે, "મારી જિંદગી તો ચાર રસ્તા પર ટ્રાફિક નિયમમાં બરબાદ થઈ ગઈ, પણ તું ભણી–ગણીને મોટો માણસ બનજે. મારી જેમ વ્યર્થ જિંદગી ગુમાવીશ નહીં."

આમ પોતાના કાર્યક્ષેત્રમાં નિષ્ઠા ધરાવનાર અને પોતાના કામ થકી સમાજનું ભલું કરનાર સર્વની કદર થઈ શકે અને કર્મ આધારિત વર્ણ–વ્યવસ્થા અસ્તિત્વમાં લાવી શકાય.

જો આપણે આપણી ડીગ્રીઓ આપતી યુનિવર્સિટીઓને આ નવી વર્ણ–વ્યવસ્થા પ્રમાણે નવવ્યાખ્યાયિત કરીએ, તો તે પ્રમાણે રોજગારની તકો વધે અને સૌને પોતાને ગમતું કામ મળી રહે.

આજકાલ B.A/B.com/B.Sc ની ડિગ્રી થકી નોકરી નથી મળતી. તો તેને બદલે શુદ્ર–સ્નાતક, ક્ષત્રિય–સ્નાતક અને વૈશ્ય–સ્નાતક જેવા વર્ગીકરણથી નોકરી માટે જરૂરી હુનર અને ડિગ્રીમાં કેળવાતા કૌશલ્ય વચ્ચેનું અંતર ઘટાડી શકાય.

**ક્ષત્રીય સ્નાતક** માટે હાલ માત્ર ગાંધીનગરની રક્ષા–શક્તિ યુનિવર્સિટી છે. બાકી આવી બીજી યુનિવર્સિટીઓની જરૂર છે. જેમ જેમ આપણી સુરક્ષા પ્રત્યેની જાગૃતિ વધશે તેમ તેમ ક્ષત્રિયોની માંગ પણ વધવાની જ.

**શુદ્ર–સ્નાતક** બનવા માટે હાલનું ઇજનેરી ભણતર ખાસું કામ લાગે તેવું છે. કારણ કે તેમાં મુખ્યત્વે યંત્ર/મશીન પાસે કામ કઢાવવાની તાલિમ અપાય છે. આપણે સૌ વાહન વાપરીએ છીએ. મોબાઈલ અને કમ્પ્યૂટર વાપરીએ છીએ. આ યંત્રો પાસેથી કામ કઢાવવા માટે ઇજનેરી તાલિમ રોજિંદા કામકાજમાં ખાસ્સી કામ લાગે છે. એમ તો બધા વર્ગના લોકોને દક્ષતાપૂર્વક યંત્ર વાપરતા આવડવા જોઈએ. પણ સર્વિસ–પ્રોવાઈડર્સને આવી તાલિમની ખાસ જરૂર છે. ડૉક્ટરને પોતાના યંત્રો બરાબર ઉપયોગમાં લેતા આવડવા જોઈએ. ટ્રાવેલ–એજન્ટને ઈન્ટરનેટ વાપરતા બરાબર આવડવું જોઈએ. આજના સમયમાં રસોઈયાને માઈક્રોવેવ/ઈન્ડક્શન/ઈલેક્ટ્રિક

ચૂલ્હા વાપરતા આડવડા જોઈએ. તેથી શુદ્ર-વર્ણ માટે ઇજનેરી તાલિમ ફરજિઆત હોવી જોઈએ. (સ્વગતઃ આજના સંદર્ભે સર્વિસ-પ્રોવાઈડર્સની લોકોની સૌથી વધુ જરૂર છે, તેથી જ આટલી બધી એન્જિનિયરીંગ કૉલેજ ચાલી રહી છે.)

C.A, BBA, MBA, BSc, Economics(ઇકોનોમિક્સ) જેવા અભ્યાક્રમ વૈશ્ય-સ્નાતકો માટે મઠારી શકાય.

સ્કુલના ભણતરમાં ત્રણે વર્ણનો બરાબર પરિચય કરાવવો જોઈએ. ત્યાર બાદ વિદ્યાર્થી પોતાના વ્યક્તિત્વને અનુકૂળ આવે તેવી લાઈન લે, તો સૌનું ભલું થાય અને કારકિર્દીલક્ષી સ્ટ્રેસ ઓછો થાય.

બાકી સિસ્ટમ જેમની તેમ રહેવા દઈને અભ્યાસક્રમ અને ડીગ્રીને આજની વર્ણ-વ્યવસ્થા પ્રમાણે થોડા મઠારીએ, તો ભણતર અને નોકરી વચ્ચે સારો સમન્વય સાધી શકાય.

સ્પોર્ટસ, કળા અને વિજ્ઞાન બાકી રહ્યાં. જો સ્પોટર્સને ક્ષત્રિય વર્ણ સાથે જોડીએ તો પ્રારંભિક તબક્કામાં કળા અને વિજ્ઞાન શુદ્ર-વર્ણ સાથે જોડાય. પછીથી બ્રાહ્મણ વર્ગ સુધી પહોંચવાની તક સૌને માટે સરખી છે.

તા.ક.: જૂની માનસિક્તા બદલવાની તૈયારી છે ખરી ?

– ડો. સોરમ કોટિયા, વડોદરા,

મો. ૯૪૨૬૮૦૬૧૫૨

(સોરમ રશ્મિકાંત – ભક્તિબેન પરીખ)

આપણા સર્વે વૈષ્ણવો માટે સારા સમાચાર એ છે કે વૈષ્ણવ બીઝનેસ નેટવર્ક (VBN)ની શરુઆત થઈ છે. જેમાં સર્વે વૈષ્ણવો વિવિધ ગ્રુપ બનાવીને એક બીજાના ધંધા રોજગારની પ્રગતિ માટે સહાય કરે છે. આ અંગે વધુ માહિતી vbnnetwork.in વેબસાઈટ પરથી મળી શકશે.

– તંત્રી

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## વાયડની આત્મીય યાદો



વાયડ ખાતેની નાનપણની મારી યાદોથી હું શરુઆત કરું તો, અમે મૂળ પાટણના. દાળીયાનો પાડોના રહેવાસી. મારો જન્મ ભલે અમદાવાદમાં થયો પરંતુ મૂળ વતન કેમ કરીને ભૂલી શકાય? ક્યારેક વતન આપણને તેના તરફ ચોક્કસ ખેંચી લાવે છે. આપણો આત્મા વતન સાથે હંમેશા જોડાયેલો હોય છે. મારા વડવાઓની અહીં પાટણના ત્રણ દરવાજે દુકાનો હતી, તેવું મેં સાંભળ્યું છે.

તમે પાટણના હો અને વાયડ સાથે જોડાયેલા ન હો, તેવું કેવી રીતે બની શકે? બસ, આમ જ મારો આત્મા પણ પાટણની સાથે–વાયડ માતાજી સાથે જોડાયેલો હોવો જોઈએ.

નાનપણની અમુક યાદો એવી છે કે , તે સમયે વાયડ સંઘ વખતે અમે અમદાવાદથી પાટણ આવતાં. પાટણથી પગપાળા સંઘમાં વાયડ જવા માટે હું , મમ્મી – પપ્પા અને બહેન સવારે ચારેક વાગ્યે ઉઠીને સંઘમાં જોડાઈ જતાં, ત્યાં પહોંચીને અમારું ભાવભીનું સ્વાગત થતું તથા ભેટ પણ મળતી. સળંગ પાંચ દિવસ મંદિરના પ્રાંગણમાં જ રહેવાનું. રાત્રે ગરબા હોય કે રમતગમતના વિવિધ કાર્યક્રમો, મન ભરીને દરેક કાર્યક્રમો માણ્યાં હતાં.

તે સમયે વાયડમાં મંદિરની વાવ અને મંદિરની પાછળ આવેલું તળાવ પણ પાણીથી ભરેલું રહેતું તેવું યાદ છે. શ્રી માતાજીનો વરઘોડો નીકળે ત્યારે તેમાં આખા ગામની પણ યાત્રા થતી. અબીલ – ગુલાલની છોળો ઉડતી અને દરેક ભક્ત આ ભક્તિના રંગે રંગાઈ જતો. મંદિરે પરત આવીને જમવા જતાં અને માતાજીના છેલ્લાં દર્શન કરીને પરત ઘરે જવા માટે ઉપડી જતાં. આ વાયડની અમૂલ્ય યાદો છે, જે ક્યારેય નહીં ભૂલી શકાય.

આમ, તો દર વર્ષે ચૈત્ર સુદ છઠના રોજ ચોક્કસ માતાજીના દર્શન કરવા જવાનું જ હોય, પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે વાયડ ન જઈ શકાયું. આ વખતે પણ કોઈક કારણોસર કદાચ નહીં જવાય તેવું લાગતું હતું, પરંતુ છેલ્લી ઘડીએ માતાજીનો હુકમ થયો અને અમે સહપરિવાર ફોર વ્હીલર ભાડે કરીને વાયડ મા ની જય બોલાવીને વાયડ જવા માટે ઉપડ્યા.

ઘણા સમયથી પાટણ જવાની તથા ત્રણ દરવાજે સુધી માતાના દર્શન કરવાની પણ

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

ઈચ્છા હતી, તો અમારી ગાડી સીધી પાટણના ત્રણ દરવાજા પાસે જઈને ઉભી રહી, ત્યાં સુધી માતાજીનાં દર્શૅન કર્યા, પછી ખબર પડી કે માતાજીનું મુળ સ્થાનક તો ત્યાંથી થોડે આગળ એક ગોળની દુકાન પાસે, નાના વળાંક પર છે, ત્યાં પણ માતાજીના દર્શન અમે કર્યા. તે ગલીમાં પ્રવેશ કરો તો દાળીયાનો પાડો, ગોળશેરી આવે. જ્યાં અમારું વડાવાઓનું ઘર હતું ત્યાંથી પણ ત્રણ દરવાજે નીકળી શકાય તેમ હતું, જેથી અમે ત્યાંથી પસાર થયાં. એ રસ્તો અને એ ઘરો જોઈ મનમાં અપાર ખુશીનો ભાવ આવતો હતો. એ ગલી પાર કરી અમે ફરીથી ત્રણ દરવાજા પાસે પહોંચી ગયા, ગાડીમાં બેસીને વાયડ તરફ પ્રસ્થાન કર્યું.

લગભગ પોણા કલાકમાં અમે વાયડ પહોંચી ગયા. મંદિરે પહોંચીને સૌથી પહેલાં વાયડ માતાજીના દર્શન કર્યા. ચૈત્ર સુદ છઠના દર્શૅન કરી ધન્યતાનો અનુભવ થયો. થયો. માતાજીની સમક્ષ બેસીને, મનોમન દરેકની સુખ– શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરી. મંદિરના પૂજારીએ માતાજીના પગલાનાં માથે મુકીને આશિર્વાદ આપ્યાં. આજે વાયડ માતાજીના મંદિરે એક દિવ્યતાનો અનુભવ થયો. ત્યાર બાદ નીચે વાવમાં ગોખમાં રાખેલા અખંડ દિવાના દર્શન કર્યા. અહીં માતાજી સાક્ષાત દર્શન આપે છે, તેવું કહેવામાં આવે છે. ત્યારબાદ વાવના દર્શન કર્યા.

બપોરનો એક વાગી ગયો હતો, પ્રસાદનો સમય થઈ ગયો હોવાથી સૌને મળીને, સાથે જમીને આનંદ થયો. જમીને થોડી વાર આરામ કર્યો, ત્યાં હજુ અમારી પાસે ઘણો સમય હોવાથી એક ઝબકારો થયો કે, "અહીં આવ્યા છીએ તો કેટલાક યાદગાર વિડિયો બનાવીએ તો કેવું રહેશે? " બસ, આમ વિચારીને સૌથી પહેલાં અમે વાયડ ગામ વિશે વિડીયો બનાવવાની ઈચ્છાથી ગામમાં ગયાં અને સરપંચશ્રી ની શોધ શરૂ કરી. પૂછતાં પૂછતાં અમે પહોંચ્યા સરપંચ શ્રીની હોટલે, જે વાયડ ગામના મુખ્ય દરવાજાની સામે જ આવેલી છે, સરપંચશ્રી તો ત્યાં હાજર ન હતાં, ત્યાંથી તેમના ઘરે ગયા, ઘર હોટલની પાસે જ આવેલું છે. ત્યાં પણ સરપંચ શ્રી ન હોતાં, હવે તેમનો મોબાઈલ નંબર લઈને તેમને પુછવાનું જ નક્કી કર્યું અને તેમ કરતાં અમે પહોંચ્યા પાછાં વાયડ માતાજીના મંદિરે, ત્યાંથી થોડો આગળ જોગણી માતાજીના મંદિરે સાતમનો માતાજીનો વરઘોડો અને જમણવાર પણ હોવાથી સરપંચ શ્રી, તેની તૈયારીમાં લાગ્યા હતાં. થોડી વારમાં સરપંચ શ્રી અદેસિંહભાઈ આવ્યા, અદેસિંહભાઈએ અમને ખૂબ જ સરસ સહકાર આપ્યો અને તેમણે વાયડ ગામ વિશે સરસ માહિતી આપી. જે આપ યુટ્યુબ પર જોઇ શકશો.

ત્યારબાદ બીજો ઈન્ટરવ્યુ કરવાનો વિચાર કર્યો અને જ્ઞાતિના વરિષ્ઠ લેખક શ્રી

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હિમાંશુભાઈની યાદ આવી. તેઓ પણ ત્યાં વાયડ પરિસરમાં હાજર હતાં. જેથી મેં તેમને વાત કરી, તેમણે તરત હામી ભરી અને અમે પહોંચ્યા, એક સરસ મજાની જગ્યાએ ઈન્ટરવ્યુ કરવા માટે. જ્યાં સરસ મજાનાં ખેતર લહેરાતાં હતાં. કોઈ અવાજ પણ ન હતો આવતો. તેમણે પણ ખૂબ જ અદ્ભુત રીતે વાયડ માતાજીનો ઈતિહાસ અમને સાંભળાવ્યો, જે અમારા કેમેરામાં આગામી પેઢી જોઈ શકે તે માટે કેમેરામાં કેદ થઈ ગયો.

છેલ્લા ઘણાં સમયથી જોવામાં આવતું હતું કે, કચ્છથી જે ભક્તો આવે છે, તેમની સેવાની કામગીરી સંભાળતાં સેવાભાવી સ્વયંસેવકો શું કામગીરી કરે છે? જેથી ત્રીજો ઈન્ટરવ્યુ લેવા માટે અમે "શ્રી માં સમીરીકા ભાવિક ટ્રસ્ટ"ના સ્વયંસેવકો પાસે પહોંચ્યા, પાંચ છ જણાની તેમની ટીમનો પણ સરસ સહકાર મળ્યો અને તેમનો ઈન્ટરવ્યુ કર્યો.

હવે, લગભગ સાંજના છ વાગવા આવ્યાં હતાં, નવચંડી હવનનું જીવંત પ્રસારણ યુટ્યુબ પર થઈ રહ્યું હતું. શ્રીફળ હોમવાનો સમય થયો અને સૌ ભક્તોએ માતાજીના જયકાર સાથે શ્રીફળ હોમવાના દર્શન કર્યા. આરતી કરી, પ્રસાદ ગ્રહણ કર્યો. ત્યાર બાદ જાહેરાત થઇ કે જેને આજે જ પાછા જવાનું હોય તેમના માટે ભોજન તૈયાર છે, અમે સૌ ભોજન કરીને ફરીથી માતાજીના આશિર્વાદ લઈને, સૌ વડીલોને મળીને પરત અમદાવાદ આવવા માટે નીકળ્યા. રસ્તો પસાર થઈ ગયો અને અમે સહીસલામત રીતે માતાજીના આશિર્વાદ લઈને ઘરે પહોંચ્યા.

આ તબક્કે, શ્રી વાયડ મંદિરે સરસ વ્યવસ્થા કરનાર તમામ આયોજકોનો, રસોડાની વ્યવસ્થા સંભાળતા શ્રી રાજેશભાઈનો અને અમને વિડિયો બનાવવા માટે સહકાર આપનાર શ્રી અદેસિંહભાઈ, શ્રી હિમાંશુભાઈ અને શ્રી જતીનભાઈનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

વાયડની આવી જ આત્મિય યાદો દરેકના જીવનમાં પણ હશે જ. બસ, આ સંભારણું આમ જ સચવાયેલું રહે અને દર વર્ષે માતાજીના આશિર્વાદ આપણને સૌને પ્રાપ્ત થાય તેવી મહેચ્છા.

**– રિપલકુમાર પરીખ, અમદાવાદ**
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

(વાયડ વિશેષાંક મે ૨૨ માં શ્રી રીપલ પરીખનો આ લેખ પ્રકાશિત કરવાનો હતો પણ જગ્યાના અભાવે મે માસ ના અંકમા આ લેખ પ્રકાશિત કરી શકયા ન હોવાથી આ અંકમાં પ્રકાશિત કર્યો છે. – તંત્રી)

# શ્રીમદ્ ભાગવતની રત્નકણિકાઓ



(એપ્રિલ 18, 2022 થી એપ્રિલ 24, 2022 ચૈત્ર માસ દરમ્યાન અમદાવાદ સેટેલાઈટમાં આવેલા આંગન બેન્કવેટ હોલમાં પ.પૂ. ગો. 108 શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)ના શ્રીમુખે **શ્રીમદ્ ભાગવત સત્સંગ મહોત્સવનું** આયોજન થયું હતું. મનોરથી તરીકે આપણી જ્ઞાતિના જયશ્રીબહેન ધીરેનભાઈ પરીખ પરિવારે સુંદર આયોજન કર્યું હતું. અહીં તેઓશ્રીના મુખેથી શ્રવણ કરેલ શ્રીમદ્ ભાગવત કથાની સારરૂપ રત્નકણિકાઓ સંકલિત કરી છે.)

- શ્રીમદ્ ભાગવત એ શ્રીનાથજીનું અંગ છે અને દશમ્ સ્કંધ શ્રીજીનું હૃદય છે.
- ભાગવતનું દર્શન એટલે સાક્ષાત્ શ્રી ઠાકોરજીનું દર્શન.
- ક્યારેય જૂની ન થાય તેનું નામ ભાગવત કથા. જે સમયે જે સાંભળે છે તેને નીત નવી લાગે છે. એમ લાગે કે આ કથા મારા માટે જ કહેવાઈ રહી છે.
- વ્યાસજીનું ચિંતન, ગણેશજીનું લેખન અને શુકદેવજીની વાણી પ્રગટે ત્યારે શ્રીમદ્ ભાગવત રચાય છે.

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

- પુષ્ટિમાર્ગ પ્રભુના ચરણથી મુખારવિંદ સુધી પહોંચવાનો માર્ગ છે.
- લઈને મળે તે સુખ અને આપીને મળે તે આનંદ.
- દુનિયાને સુખી કરવા માટે શસ્ત્રો કરતાં શાસ્ત્રની અને સૈન્ય કરતાં સંતોની જરૂર વધારે છે.
- મૃત્યુને મારી શકાતું નથી, તેને સુધારી શકાય છે.
- ઘડપણ તમારા પોતાના માટે જીવવાનો સમય છે.
- ભાગવતની દ્રૌપદી ભક્તિ છે અને મહાભારતની દ્રૌપદી ઈર્ષ્યા છે.
- ભક્તિમાર્ગમાં ભાવ હોય, જ્ઞાનમાર્ગમાં જ્ઞાન હોય.
- શ્રીમદ્ ભાગવત અધ્યાત્મનો ગ્રંથ છે, વિજ્ઞાનનો ગ્રંથ નથી. ભગવાન મેળવી આપે એવો સમર્થ આ ગ્રંથ છે. કામનાઓથી ભાવનાઓ તરફ લઈ જતો આ ગ્રંથ છે.
- ધન એ શ્રીનાથજી છે અને દાતા મહાપ્રભુજી છે.
- દુનિયાના બધા જ ધર્મ ભક્તને ભગવાન તરફ લઈ જાય છે જ્યારે ગુરુ ભગવાનને ભક્ત સુધી લઈ જાય છે. ગુરુ વ્યક્તિ નથી, વ્યક્તિત્વ છે.
- મૃત્યુ પછી રૂપ યાદ નથી રહેતું, ગુણો યાદ રહે છે.
- રામાયણની કથા હોય ત્યાં હનુમાનજી આવે, મહાભારતની કથા હોય ત્યાં અશ્વત્થામા આવે પણ શ્રીમદ્ભાગવની કથા હોય ત્યાં સ્વયં ભગવાન આવે.
- કુસંગ અને દુર્બુદ્ધિ ભેગી થાય ત્યારે માણસનું પતન થાય છે.
- જે માણસ ભક્તિ અને પુણ્ય કરવાની તક આપે તેનો ઉપકાર ન ભૂલવો.
- વારંવાર સાંભળવું ગમે અને ફરી ક્યારે સાંભળવા મળશે તેવી ઉત્કંઠા રહે તે ભાગવત અમૃત. ભાગવત કથા સાંભળીએ ત્યારે મન પવિત્ર થતું હોય તેમ લાગે છે.
- પાપની શરૂઆત નિંદા કરવાથી થાય છે, માણસમાં રહેલા દ્વેષ, ઈર્ષા અને હેરાન કરે છે.
- વિશુદ્ધ ભક્તિનું વર્ણન એટલે શ્રીમદ્ ભાગવત.
- માહિતી (Information) બહારથી મળે છે. જ્ઞાન (knowledge) અંદરથી મળે છે.
- મહાપ્રભુજીનું ભૂતલ પર આગમન શ્રીમદ્ ભાગવતના ગૂઢ રહસ્યોનું પ્રકટીકરણ

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

કરવા માટે થયું છે.

- વૈષ્ણવ બનવું એ અકસ્માત નથી એ પ્રભુનું આયોજન છે.
- વ્યક્તિ સંપન્ન હોઈ શકે, સમર્થ ન હોઈ શકે.
- બોલવાથી જ નહીં (દ્રૌપદી), ન બોલવાથી (ભીષ્મ) પણ મહાભારત સર્જાય છે.
- બીજાને જીતે એ જય, પોતાને જીતે એ વિજય.
- સમયનો સદ્ઉપયોગ કરી શકાય, તેને બાંધી ન શકાય.
- અંતિમ સમયે મન હોય ત્યાં જ માણસની ગતિ થાય.
- તમે સેવામાં હો ત્યારે ઠાકોરજીનું મન તમારામાં જ હોય છે.
- સમજણ વગર સત્કર્મો સાથ આપતા નથી.
- દુનિયામાં વિરોધ નથી, વૈવિધ્ય છે. વિવિધતા પ્રભુનું સર્જન છે. વૈવિધ્યથી સુંદરતા આવે છે.
- માણસ વિચારોથી આધુનિક હોવો જોઈએ.
- જીવનમાં ચાર પ્રવાહ છે : ગતિ, પ્રગતિ, સદ્ગતિ અને અધોગતિ.
- ઉત્સવમાં ઉલ્લાસ હોવો જોઈએ, વિલાસ નહીં.
- પ્રભુના દર્શન થાય પણ ઓળખાણ ન થાય. પ્રભુની ઓળખાણ ભાગવત કરાવે છે.
- ભગવાનને ન કહો કે દુઃખ મોટું છે, દુઃખને કહો મારો ભગવાન મોટો છે.
- જીવનનો શ્રેષ્ઠ દિવસ ઠાકોરજીને પુષ્ટાવીને ઘરમાં આવે તે નિર્ણય છે.
- પ્રતિકૂળ વ્યક્તિઓ સાથે કેવી રીતે વ્યવહાર કરો છો તેના પરથી તમારું માપ નીકળે છે.
- ધર્મ જીવનને પૂર્ણ કરવાનું સાધન છે. ધર્મ પ્રવૃત્તિ નથી, વૃત્તિ છે. ધર્મ એટલે વિવેકપૂર્ણ જીવન. જેમાંથી અભ્યુદય થાય તે ધર્મ છે.
- પોતાના ઘરમાં બેસી, બીજાના ઘરમાં ડોકીયું કરવું તેનું નામ FACEBOOK.
- જે સમાજમાં આદર્શ માતા છે ત્યાં મહાપુરુષોની કમી નથી.
- સંજોગો બદલાય એ ચમત્કાર નથી, આખો માણસ બદલાય તે ચમત્કાર છે.
- માનવદેહમાં જ ભક્તિની સુવિધા છે. અન્ય કોઈ યોનિમાં નથી. ભક્તિ

કરવાનો શ્રેષ્ઠ સમય અત્યારનો સમય જ છે.

- આત્માને આનંદ ગમે છે, મનને દુ:ખ ગમે છે.
- કળિયુગમાં સત્કાર્યો સુલભ છે, સદ્‌વિચારો દુર્લભ છે.
- શાળા શિક્ષણ આપે છે, મંદિર સંસ્કાર આપે છે.
- ઠાકોરજી દર્શન બધાને આપે છે. દૃષ્ટિ બધાને આપતા નથી.
- પૂજાનું મહાત્મ્ય હોય, સેવાનું માધુર્ય હોય. દેવતાઓની પૂજા થાય, સ્વરૂપની સેવા થાય.
- કળિયુગમાં મનની શુદ્ધિ માટે અને ભયનો નાશ કરવા માટે શ્રીમદ્‌ભાગવતથી અધિક કોઈ ઉપાય નથી. કળિયુગથી શ્રેષ્ઠ યુગ શોધવો મુશ્કેલ છે. કળિયુગમાં મુક્તિ સુલભ છે. અન્ય યુગોમાં નથી. કળિયુગમાં માનસીમાં સેવા કરવાથી પણ પુણ્ય મળે છે.
- સતયુગમાં ધર્મ ભગવાનનું ધ્યાન કરવાનો હતો. ત્રેતાયુગનો ધર્મ યજ્ઞ કરવાનો હતો. દ્વાપરયુગનો ધર્મ સેવા-પૂજા હતો અને કળિયુગનો ધર્મ ભક્તિ અને સંકીર્તન કરવાનો છે.
- શ્રીમદ્ ભાગવત વૈષ્ણવના ઘરની શોભા છે.
- જય શ્રીકૃષ્ણ એ પુષ્ટિમાર્ગનો સિમ્બોલ છે. ચાર સમયે અવશ્ય જય શ્રીકૃષ્ણ કહેવું (1) સવારે ઉઠતી વખતે (2) ઘરની બહાર જતી વખતે (3) ઘરમાં પ્રવેશ કરતી વખતે (4) રાત્રે સૂતી વખતે.
- ગોપીગીત બે વસ્તુ સમજાવે છે - પરીક્ષા (કસોટી) અને પ્રતિક્ષા (રાહ જોવી).
- વ્રજમાં ગોપી અને ગાયના નામો એક સરખા હતાં.
- પિતા હિત જુએ છે, માતા ક્ષણે ક્ષણ સુખ જુએ છે.
- શબ્દ ક્યારેય નાશ પામતો નથી, શબ્દ શબ્દબ્રહ્મ છે. શબ્દ પોતાને જ પરત મળે છે માટે શબ્દો વિચારપૂર્વક બોલવા જોઈએ.
- આખું જગત વૈષ્ણવ છે, જે ભગવાનમાં માને છે તે વૈષ્ણવ છે.
- ભાગવત જીવનને સાવધાન કરે છે. કાળના ત્રાસમાંથી છૂટવા માટેનો આધાર છે.
- સ્વર્ગમાં સુધા છે પણ કથા સુધા નથી. વૈકુંઠમાં ભગવાન છે પણ ભગવાનની

કથા નથી.

- અનેક જન્મોના પુણ્યો ભેગા થાય ત્યારે ભાગવતકથા કહેવાનો, કરાવવાનો અને સાંભળવાનો લાભ મળે છે.
- ભાગવત માનવને ઈશ્વરની નવધા ભક્તિ કરવા સૂચવે છે.
- મનુષ્ય દેહ મળે, વૈષ્ણવ ઘર મળે, બ્રહ્મસંબંધ થાય, સારા ભક્તોનો સંગ થાય, કૃષ્ણ સાથે તાદાત્મ્ય સધાય, ભાગવત કથા સુધી પહોંચાય એટલે આપણો બેડો પાર.
- દરેક વૈષ્ણવ પાસે સમય છે.

  **સ** = શ્રીનાથજી, **મ** = મહાપ્રભુજી અને **ય** = યમુનાજી
- ગિરીરાજજીની તળેટીમાં, યમુનાજીના તટ પર અને મહાપ્રભુજીની બેઠકમાં ક્યારેય લૌકિક ચર્ચા ન કરો.
- વ્રજમાં ભૂતકાળ નથી. અખંડ વર્તમાનકાળ જ છે. ઠાકોરજીની લીલાઓ થઈ હતી એમ નહીં પણ, આજે પણ 'થઈ રહી છે.'
- દ્વારપાળ ઘરની બહાર હોય છે, મુખિયા ઘરની ભીતર હોય છે.
- ભક્તિમાં વિસ્તારનું મહત્વ નથી. ઊંડાણ હોવું જોઈએ.
- અપૂર્ણાનંદને પૂર્ણાનંદ બનાવે તે રાસલીલા.
- ગોપી કોઈ વ્યક્તિનું નામ નથી, ગોપી અવસ્થાનું નામ છે.
- ગોપી પ્રેમની ધજા છે. ગોપીભાવ એ સર્વોપરીભાવ છે.
- ભક્તિનું સર્વોચ્ચ ફળ દીનતા છે.
- કૃષ્ણચરિત્ર સમજવા માટે લીલા અને કર્મનો ભેદ જાણવો જોઈએ.
- ભાગ્યશાળીને ભગવાન મળે, સૌભાગ્યશાળીને સેવા મળે.
- પદાર્થથી પ્રસન્ન થાય તે જીવાત્મા, વંદનથી પ્રસન્ન થાય તે પરમાત્મા
- કથાના પ્રથમ દિવસે વ્યક્તિ હોય છે. સાતમા દિવસે વૈષ્ણવ બને છે.
- સંબંધ એટલે પોતાના સુખનો વિચાર છોડી અન્યના સુખનો વિચાર કરવો. બંધન એટલે પોતાના સુખનો જ વિચાર કરવો, અન્યના સુખનો વિચાર ન કરે.
- સત્ય એ શબ્દ નથી, ભાવના છે.
- આપણે જ્ઞાતિમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી કે બિઝનેસમેનને ઈનામ આપીએ છીએ પણ

**રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.**

હવે આદર્શ પિતા, આદર્શ માતા, આદર્શ દીકરી કે આદર્શ વહુનો એવોર્ડ આપવો જોઈએ.

- ગૃહસ્થાશ્રમને વખોડશો નહીં. धन्यो गृहस्थाश्रम । અન્ય બધા જ આશ્રમ ગૃહસ્થાશ્રમ પર જ નભે છે.
- દુનિયામાં સારા સંતોની જરૂર નથી. સારા ગૃહસ્થીઓની જરૂર છે. સારા ગૃહસ્થી બનશો તો જ સારા ભક્ત બનશો.
- માણસને છે તેવો સ્વીકારો. તેને સુધારવા પ્રયત્ન ન કરો.
- માણસ એકલો કેમ પડે તેની સુવિધા વિજ્ઞાન આપે છે. એક કારમાં ચાર જણા બેઠા હોય તો દરેક પોતપોતાની દુનિયામાં ખોવાયેલો હશે. માણસની જરૂર નહીં પડે ત્યારે દુનિયા કદરૂપી બની જશે.
- ભીડ વચ્ચે માણસે પોતાનું એકાંત શોધી લેવું જોઈએ.
- ભાગવતકથા એ જ સર્વ રોગની ઔષધિ છે.
- જીવનની સફળતા પાસબુકમાં નથી, સ્વજનોના ચહેરા પર હોય છે.
- વૈષ્ણવતા એ વિચારધારા છે, વૈષ્ણવતા એ પ્રવૃત્તિ નથી.
- બપોરના સમયે સૂર્યને જોવાની જરૂર નથી. ચારેબાજુ ફેલાયેલો પ્રકાશ તેનું પ્રમાણ છે. તે જ રીતે ચારે બાજુ ફેલાયેલી ભગવત્તા, ભગવાન હોવાનું પ્રમાણ છે.
- ગાંધીજીના ત્રણ વાંદરા મોબાઈલ બની ગયા. હવે તે કશું બોલતા નથી. કશું જોતા નથી અને કશું સાંભળતાં નથી.
- પિતાના મૃત્યુ પછી સેવાને સ્વીકારે, ભગવદ્‌ભક્તિને સ્વીકારે તે જ સાચો પુત્ર.
- અપરસ એટલે જે અપને રસમે સ્થિર છે તે.
- કૃષ્ણ જીવવાનું શીખવે છે, રામ આચરણ શીખવે છે.
- ભાગવત કથાનું શ્રવણ કર્યા પછી વ્યક્તિ હતો તેવો અને તેવો જ રહેતો નથી. તેનામાં ધીમું પરિવર્તન આવવાની શરુઆત થાય છે.


-- સંકલન, હિમાંશુ શાહ, અમદાવાદ

ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર.

મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦


**શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.**

## ઐતિહાસિક પ્રસિદ્ધ (iconic) તસ્વીરો - 2

### અફઘાન છોકરી



આ અફઘાન છોકરી વિશ્વપ્રસિદ્ધ - celebrity થઈ તે તેની લીલા રંગની આંખોને કારણે. સામાન્ય રીતે વાયડામિત્રમાં રંગીન તસ્વીર છાપવામાં નથી આવતી. પણ, તમારે લેખની મઝા માણવા માટે તમારે અસલ રંગીન તસ્વીર જોવી હોય તો ગુગલમાં ફક્ત Afghan Girl લખશો એટલે તરત જ આ અફઘાન છોકરીની બધી તસ્વીરો જોવા મળશે.

સોવિયેત અફઘાન યુદ્ધ 24 મી ડિસેમ્બર 1979 થી ફેબ્રુઆરી, 1989 સુધી ચાલ્યું. (નોંધ : યુનિયન ઓફ સોવિયેત સોસ્યાલીસ્ટ રીપબ્લીકન્સ (USSR)ના વિભાજન પછી એટલે કે 1990ની સાલથી રશિયા તરીકે ઓળખાય છે). પ્રસ્તુત તસ્વીર નેશનલ જીયોગ્રાફીના પત્રકાર સ્ટીવ મેકકરી દ્વારા લેવાયેલ હતી. આ અફઘાન છોકરી એક પશ્તુનીસ્તનની છે. તે જ્યારે 6 વર્ષની હતી ત્યારે રશિયા દ્વારા કરવામાં આવેલ બોમ્બમારામાં તેના માતા-પિતા માર્યા ગયા હતાં. 1984ની સાલમાં તે તેની દાદી, ભાઈ અને ત્રણ બહેનો પર્વત ઓળંગી પાકિસ્તાન પાસે નાઝીર બાગની નિરાશ્રિતોની છાવણીમાં રહેવા લાગ્યા. આ છોકરી નાઝીર બાગની શાળામાં અભ્યાસ કરતી. સ્ટીવ આ અફઘાન છોકરીની લીલી આંખો જોઈ પ્રભાવિત થઈ ગયો.



આ અફઘાન છોકરી પોતાની તસ્વીર પડાવવા ન હોતી માંગતી એટલે તસ્વીરમાં બતાવ્યા પ્રમાણે તે તેનું મોઢું પહેરેલી સાડીમાં છુપાવવા પ્રયત્ન કરે છે. અફઘાન છોકરીના શિક્ષકે તેને ખુલ્લા મોઢે ફોટો પડાવવા સમજાવ્યું ત્યારે સ્ટીવ આ તસ્વીર લઈ શક્યો. સ્ટીવ અફઘાન છોકરીની તસ્વીર પાડી

છોકરીનું નામ પુછ્યા વગર જ જતો રહ્યો. આ તસ્વીર નેશનલ જીયોગ્રાફીના જુન, 1985ના અંકના પહેલા પાના ઉપર છપાઈ હતી. આ તસ્વીર તે સમયે અફઘાન યુદ્ધની તસ્વીર તરીકે બહુ પ્રસિદ્ધ થઈ હતી. આ પછી આ તસ્વીર એટલી બધી પ્રસિદ્ધિ પામી કે તેની સરખામણી મોના લીસાની તસ્વીર સાથે કરવામાં આવી અને આ છોકરી ત્રીજી દુનિયા (Third world)ની મોના લીસા તરીકે ઓળખવા લાગી. શીતયુદ્ધના સમયમાં પ્રથમ દુનિયા (First World) એટલે અમેરિકા, યુરોપ અને નાટોના દેશો અને બીજા સાથી દેશો જેવા કે ઓસ્ટ્રેલીયા, બીજી દુનિયા (Second World) એટલે રશિયા, ચીન અને ક્યુબા અને ત્રીજી દુનિયા (Third World) એટલે તટસ્થ દેશો. આ છોકરીનું નામ શરબત ગુલ. શરબતે 1988 ની સાલમાં રહેમત ગુલ સાથે લગ્ન કરી પોતાના વતન જતી રહી.

90 ના દશકામાં સ્ટીવ આ અફઘાન છોકરીને શોધવા ઘણી વાર અફઘાનિસ્તાન અને પાકિસ્તાન જઈ આવ્યો. તેના બધા જ પ્રયત્નો નિષ્ફળ રહ્યાં. આ છોકરીની તસ્વીર નેશનલ જીયોગ્રાફીના જુન, 1985ના અંકના પહેલા પાના ઉપર છપાયા પછી આ છોકરી કોણ છે તે એક કોયડો જ રહ્યો. 2002ના જાન્યુઆરી મહિનામાં નેશનલ જીયોગ્રાફીની ટીમ સ્ટીવની સાથે અફઘાન છોકરીને શોધવા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ગઈ. સ્ટીવને પાકિસ્તાનમાં આવેલ નાઝીર બાગ ખાતેની નિરાશ્રિત છાવણી બંધ થવાની છે તેવી ખબર પડતા ત્યાં રહેતા અન્ય નિરાશ્રીતોને અફઘાન છોકરીની તસ્વીર બતાવી સ્ટીવ પૂછપરછ કરે છે. સ્ટીવને આ તપાસ દરમિયાન એવી કેટલીક મહિલાઓ મળી કે જે દાવો કરતી કે આ તસ્વીર તેમની છે. સ્ટીવને કેટલાક પુરુષો એ મળ્યા કે જે કહેતા કે આ તસ્વીર મારી પત્નીની છે. સ્ટીવને નાઝીર બાગ ખાતેની નિરાશ્રિત છાવણીમાંથી એક નિરાશ્રિત એવો મળી ગયો કે જે અફઘાન છોકરીના ભાઈને ઓળખાતો હતો. સ્ટીવને આખરે અફઘાન છોકરીનું સરનામું મળી ગયું. તે પર્વતોમાં ટોરા બોરો વિસ્તારમાં રહેતી.

1992 ની સાલથી આ અફઘાન છોકરી તેના વતનમાં રહેલા ગઈ. નેશનલ જીયોગ્રાફીની ટીમ અફઘાન છોકરીને મળી ત્યારે તેની ઉંમર 30 વર્ષની આસપાસ હતી. શરબતે કોઈ દિવસ પોતાની તસ્વીર જોઈ ન હતી. તેને તે પણ ખબર ન હતી કે આ તસ્વીર દ્વારા તે દુયિાની જાણીતી-પ્રસિદ્ધ (Celebrity) વ્યક્તિ

અને સોવિયેત અફઘાન યુદ્ધનું એક પ્રતિક (Icon) બની ગઈ છે.

શરબતે રહેમત ગુલ સાથે 14-15 વર્ષની ઉંમરે લગ્ન કરી અફઘાનિસ્તાનમાં પોતાના વતન જતી રહી. અત્યારે તે વિધવા છે અને તેને ત્રણ છોકરીઓ છે. તે તેની ત્રણેય છોકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવા માંગે છે. સ્ટીવે જ્યારે શરબતને પૂછ્યું કે તેને અહીં સલામતી લાગે છે. ત્યારે તેને ઉત્તર આપતા જણાવ્યું કે ના પણ અહીં તાલીબાનના રાજ્યમાં જિંદગી પ્રમાણમાં સારી છે.

પાકિસ્તાનમાં કેટલાક અફઘાનીસ્તાનના નિરાશ્રીતો પાકિસ્તાનમાં પોતાના સગા ન હોય તેને પોતાના સંતાન બતાવી ખોટા ઓળખપત્રો મેળવીને પાકિસ્તાનમાં રહે છે. શરબત પણ આવી રીતે પાકિસ્તાનમાં રહેવા માટે ખોટા ઓળખપત્ર (દસ્તાવેજ) બનાવડાવી પાકિસ્તાનમાં રહેવા માટે આવી ગઈ. શરબતે ખોટા ઓળખપત્રો બનાવવા માટે પાકિસ્તાનના બે છોકરાને પોતાના પુત્રો હોવાનું કહ્યું હતું. શરબત પાસે તેના અને જે બે છોકરા સાથે રહેતી તેમના ખોટા ઓળખપત્રો પણ મળી આવ્યાં. વતનમાં તપાસ કરતા ખબર પડી કે તેની સાથે રહેતા બે છોકરા તેના પુત્રો નથી. હકીકતમાં શરબત પાસે જે પાકિસ્તાનના ઓળખપત્રો હતા તેના પતિ સાથે 15 વર્ષ પાકિસ્તાનમાં રહી હતી ત્યારના હતાં.

26 મી ઓક્ટોબર, 2016 ના રોજ શરબતને ખોટા ઓળખપત્રો માટે કોર્ટે 15 દિવસની જેલની સજા અને 1,11,000 પાકિસ્તાની રૂપિયાનો દંડ કર્યો. આના સંદર્ભમાં પાકિસ્તાનના મંત્રી ચૌધરી નિસાર અલીખાને જણાવ્યું કે માનવતાની દૃષ્ટીએ જામીન આપવા જોઈએ. જેલની સજા દરમ્યાન તે માંદી પડી. તેના લોહીની તપાસ કરતા ખબર પડી કે તેને Hepatitis C થયો છે. જામીન અરજી નામંજૂર થતા અફઘાનીસ્તાનના રાજદૂત ડૉ. હઝરત ઓમર ઝાખીલવાલ પેશાવર આવી પાકિસ્તાનની Federal Investigation Agency (FIA) અને બીજા અધિકારીઓને મળી શરબતને Hepatitis C સારવાર માટે પેશાવરની હોસ્પિટલમાં દાખલ કરાવે છે. ડૉ. ઝાખીલવાલ પત્રકાર પરિષદમાં જણાવે છે કે શરબત એક નિર્દોષ અને અભણ મહિલા છે. તેને ખબર નથી કે પાકિસ્તાનમાં રહેવા માટે ખોટા દસ્તાવેજથી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. વધુમાં તેમને જણાવ્યું કે જ્યારે નેશનલ

જીયોગ્રાફીની ટીમ દ્વારા 2002 ની સાલમાં તેને શોધવામાં આવ્યા બાદ અમેરિકા અને યુરોપના કેટલાક દેશોએ તેને રાજ્યાશ્રય આપવાની વાત કરી હતી. પણ તેને મુસ્લિમ દેશમાં જ રહેવું હતું.

અફઘાનિસ્તાન એલચી કચેરી દ્વારા શરબતના દંડની રકમ ભરવામાં આવી અને 31 મી ઓક્ટોબર 2016 ના રોજ સન્માનપૂર્વક શરબતને અફઘાનિસ્તાન લઈ જવામાં આવી. ખુદ અફઘાનિસ્તાનના પ્રમુખ અસરફ ઘાની શરબતનું સ્વાગત કરે છે.

13 મી નવેમ્બર 2016 ના બેંગ્લોર મીરરના સમાચાર અનુસાર ભારત ખાતેના અફઘાનીસ્તાનના રાજદૂત શાહીદા અબ્દલીએ જણાવ્યું કે તેને બેંગ્લોરની હોસ્પિટલમાં Hipatitis B માટેની સારવાર વિના મૂલ્યે કરવામાં આવશે. જો કે શરબત સારવાર માટે ભારત આવી ન હતી.

12 મી ડિસેમ્બર, 2017 ના રોજ અફઘાન સરકારે તેને 3,000 ચોરસ ફુટનું વિશાળ ઘર રહેવા માટે આપ્યું અને ઘરની જે પ્રમાણે સજાવટ કરવી તે પ્રમાણે કરવાની સત્તા પણ આપી.

હમણા 26 મી નવેમ્બર, 2021 ના રોજ ઇટાલિયન સરકારે નિરાશ્રિત તરીકે સ્વીકારી છે અને શરબત હવે ઇટાલી રહેવા ગઈ છે.

લીલી આંખો તો ઘણાબધાની હોય છે. જો નેશનલ જીયોગ્રાફીના પત્રકાર સ્ટીવ મેક્કરીએ શરબતનો ફોટો પાડી નેશનલ જીયોગ્રાફીના પ્રથમ પાના ઉપર ચમકાવી વિશ્વપ્રસિદ્ધી ન અપાવી હોય તો તો તેને કશું ન મળ્યું હોત.

– પ્રિયમુખ પનાલાલ,
વડોદરા,
મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭

# કળાત્મક બાળ ઉછેર - 3



વિશ્વા જરા ધ્યાનથી જજે, પડી જઈશ તો વાગશે. તો પણ વિશ્વા પડી જાય છે અને પછી એની મમ્મી કહે છે, ચલ વિશ્વા આપણે આ ટેબલને હત્તા કરી દઈએ એણે તને વગાડ્યું ને ?

આટલો પ્રસંગ આપણા બાળકના જીવનમાં દર બે દિવસે બનતો હશે. જ્યારે એ ચાલતા શીખતો હશે કે ત્રણ વર્ષનો થઈ દોડાદોડ કરતો હશે. જ્યારે આટલી વાર કહેવામાં આવે છે ત્યારે એ બાળકના મગજમાં એવું છપાઈ જાય છે કે પડવા કે વાગવામાં એની કોઈ જવાબદારી નથી પણ બીજાનો વાંક છે અને આ ભ્રમણા બદલવી બહુ જ અઘરી થઈ જાય છે.

ચલ વિશ્વા આપણે આ ટેબલને હત્તા કરી દઈએ એણે તને વગાડ્યું ને ? જ્યારે વડીલ થઈ આપણે આવું બોલીએ છીએ ત્યારે આપણે એને એવું શીખવાડીએ છીએ કે તને જે આ વાગ્યું છે તે આ ટેબલના કારણે વાગ્યું છે. પોતાની કોઈ ભૂલ જ નથી. માટે ટેબલને મારો. જ્યારે ટેબલ તો એની જગ્યાએથી હલ્યું પણ નથી. એનો કોઈ વાંક જ નથી. એ તો આપણે જોયા વિના ચાલતા હતાં, ધ્યાન ના રાખ્યું એટલે આપણને ટેબલ વાગ્યું.

જ્યારે આ પ્રસંગ વારંવાર થવા લાગે છે ત્યારે એ બાળકના મનમાં ગૂંથાઈ જાય છે અને હંમેશા માનવા લાગે છે કે આપણી જોડે જે કંઈ થઈ રહ્યું છે એમાં ભૂલ સામેવાળાની જ હોય છે, જેમકે ટેબલમાં શોધી હતી – આપણે માતા–પિતા તરીકે બાળક તો પોતાના રીતે સો ટકા સાચું છે એવું માનવા લાગે છે.

જ્યારે આ બાળક મોટો થાય છે ત્યારે એ પોતાની ભૂલ સ્વીકાતા શીખતો જ નથી. એ ભૂલ કરી શકે એવું એના વિચારમાં જ નથી હોતું. હંમેશા સામેવાળાની જ ભૂલ હોય છે, માટે એને મારો કે એના પર ગુસ્સો કરો, એને પાઠ શીખવાડો, એવું મગજમાં બેસી જાય છે.

આવા લોકોને બાહનું શોધતા પણ જલ્દી આવડે છે. જેમ કે એ રસ્તામાં

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

ટેબલ આવ્યું એટલે મને વાગ્યું, અરે ટેબલ ક્યાં ચાલી શકે છે, પણ બહાનું ટેબલનું કાઢ્યું. પોતાને વાગવાનું. એવી જ રીતે એ બહુ સહજતાથી બોલે છે અરે એ તો રસ્તામાં બહુ ટ્રાફિક નડ્યો ને એટલે મને મોડું થયું, પણ એ જવાબદારી નહીં લે કે પોતે ઓલરેડી મોડો નીકળ્યો હતો, ટ્રાફિકમાં તો એને પાંચ મિનિટ મોડું થયું હતું. અરે એ તો મને ટાઈમ ના મળ્યો, એટલો બીઝી હતો એટલે આ તમારું કામ નથી પત્યું. સહજતાથી આવા વાક્યો આપણે આપણા બોસને, આપણા પરિવારજનોને, આપણા મિત્રોને કહીદઈએ છીએ.

આવા લોકો જવાબદારી પૂર્વક કામ કરી જ ના શકે. પોતાની જવાબદારી બીજા પર જ થોપી દે.

માટે એક જવાબદાર માતા-પિતા તરીકે જો આપણે આપણા બાળકને જવાબદાર મનુષ્ય બનાવવો હોય તો એમને બાળપણથી જ એને પોતાની ભૂલ જોતા શીખવાડો, બાળપણથી જ એને કહેતા રહો કે આ તારામાં ખામી હતી એટલે આવું થયું તો ચલ આપણે એનો રસ્તો કાઢીએ.

આવા પ્રસંગમાં માતા-પિતા જો એવી રીતના વાત કરે કે વાંધો નહીં બેટા તમારાથી ધ્યાન ગયું એટલે તમે પડ્યા છો, બોલો હવે શું કરીશું કે તમને દુઃખાવો ઓછો થાય ? ભૂલ તમારી હતી પણ હવે એના ઉપર આપણે રડ્યા કરીએ એના બદલે ચાલ આપણે એનો રસ્તો શોધી લઈએ. આ જ રીતે જ્યારે બીજીવાર આ પ્રસંગ એના જોડે થશે, એ પડશે ત્યારે જાતે જ ઊભો થઈ જશે કે આ તો મારી ભૂલ હતી એટલે હું પડ્યો અને એને પડવાનો ડર પણ જતો રહેશે. જ્યારે એને એની ભૂલ સમજાશે, તો ત્રીજીવાર એ પહેલેથી જ ધ્યાન રાખશે અને પડશે નહીં.

માટે ચલો જવાબદારીનો ગુણ તથા પોતાની ભૂલ જોવાનો ગુણ તથા હંમેશા સામેવાળાને બ્લેમ ન કરવાનો ગુણ આપણે આપણા બાળકમાં સહજતાથી વિકસવીએ.

-દિવ્યા પરીખ, અમદાવાદ

મો. ૯૪૨૮૧ ૬૭૮૬૪

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# Weapons used in Mahabharat



A significant catastrophe that befalls human beings - WAR. War brings destruction to humanity from all possible aspects.

MAHABHARAT - the greatest battle ever fought in the history of India. Warriors blew conch - shells in order to mark the beginning of the battle. With the use of deadliest and the most powerful weapons, began the war.

Deadliest and most powerful weapons? Yes. Technology was superior back in time as compared to the present day. Weapons used in the ancient times were far more destructible.

Let us learn about a few weapons that were used in the greatest war of Kurukshetra - Mahabharat.

Starting with **(1) Vasavi Shakti :** Also known as Amogh Astra. Karna saved that for Arjun, with the use of which Kaurava's could easily win the battle as Arjun had no weapon that could stand against Amogh Astra, but upon the insistence of Duryodhana, he had to use this on Ghatotkach. Ghatotkach was Bheem's son, who was single handedly decimating the kaurava's army.

**(2) Vajra Astra :** A weapon created by the bones of Sage Dadhichi. For which the sage took samadhi leaving behind his skeleton. Vishwakarma used the same for creating the Vajra. This was driven by marking a target and it produced ample of current which immediately stops the heart of the enemy.

**3) Pashupatastra :** The weapon of Lord Shiv and Goddess

Kali. This is believed to be one of the most fierce weapons throughout Hindu history which was discharged by the mind, the eyes, the words or a bow. Beacause of its power it was forbidden to be used against lesser warriors. This weapon is capable of immense slaughter. The pashupatastra was reusable 'n' number of times and if it is used against a mortal enemy the entire world would be destroyed. Thus, Arjuna refrained from using it.

**4) Brahma weapons :** The Brashashirsha astra and the Brahmadanda astra were supernatural weapons collectively called Brahma weapons as they were all created by Lord Brahma.

**Brahmashirsha astra -** a weapon that was said to be capable of destroying all beings, one of the most irresistible weapons mentioned in Hinduism that creates a fierce fireball. When discharged, it makes collateral damage and every useful resource in a given area and prevents even a single blade of grass from ever growing in that area again.

**Brahmastra -** which is person-centric can destroy a powerful enemy if he doesn't possess an alternate counter weapon.

**Brahmand Astra -** Most powerful out of the three Brahma Astras. If the power of this is manifested in a huge form, it is capable of destroying the entire solar system along with he Earth.

These were few of the most powerful weapons which were either used or carried by the warriors during the great war of Mahabharat.

– રિધ્ધી ભાવેશ શાહ, ભૂજ
મો. ૯૭૧૪૪ ૫૮૯૫૫

## Matrimonial - Mehul S. Gandhi ★★★

I have done my Bachelors from Clayton State University with degree in Psychology and currently persuing Master's Degree in Administrative Leadership (to become principal in a school). I am currently working at a charter school system as a gifted (students with high IQ) teacher. I have also served in United States Navy.

In my family, there is Mom - who is a homemaker, Dad - who is employed and have a sister who is married. As far as I'm concerned, my friends describe me as Ambitious, Caring, Good Listener, Hard Working, Intelligent and Respectful. In my free time I like (Do It Yourself) Projects, Driving, Hiking / Camping, Sports and Travel / Sightseeing.

If you have any questions or would like to know anything that is not covered here please ask me or my parents. Thank you.

**-- My Details --**

**Date of Birth:** 24 April, 1980 **Status :** Divorced (Mutual Consent)

**Height :**5' 9" (175 cm) **Skin Tone :** Wheatish **Body Type :** Average

**Sung Sign :**Taurus **Community :** Vaishnav **Mother Tongue :** Gujarati

**City of Birth :** Mumbai, **Email: mknight1824@aol.com**

**Phone : (470) 222- 1654 My cell phone, 678-833-9090 (Parents' home)**

**Father's Status :** Employed, **Mother's Status :** Homemaker

**No of Sisters :** 1 (Married)

**Bachelors -** Psychology

**Masters -** Leadership in Education System (on going)

**Working As:**Teacher, **Employed With:**Charter School System

**Current Residence:**Georgia, USA **Residency Status:** Citizen

**Looking for:** I am looking for someone who is down to earth and has real expectations and knows the value of hard work and is not afraid to work together to earn all the good things in life. Someone who is open minded and understanding, values family and traditions.

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. હ. સુજલ પરિમલભાઈ પરીખ

# શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ.
# ડાકોર દર્શન અને અમૂલ ડેરી વિઝીટ

શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ તરફથી, તારીખ ૨૯/૩/૨૨ ને મંગળવાર ના રોજ ડાકોર દર્શન અને આણંદ અમૂલ ડેરી વિઝીટ નું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર ગેસ્ટ સાથે ૨૨ સભ્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નેહરુનગર વિપુલ દુધિયા પાસેથી સવારે ૭:૩૦ વાગે બસ ઉપડી હતી. સફરની શરૂઆત યમુનાષ્ટક ના પાઠ થી કરવામાં આવી હતી. શ્રી નીતાબેન શ્રેણિકભાઈ તરફથી બિસ્કિટ અને ચવાણું નો નાસ્તો આપવામાં આવ્યો હતો. કમિટી મેમ્બર શ્રી સોનલબેન પરીખ તેમજ શ્રી લીનાબેન પરીખે બસમાં હાઉસી તેમજ બીજી રમતો રમાડી ધીંગામસ્તી ની મોજ માણી હતી. જેના ઇનામ મંડળ તરફથી આપવામાં આવ્યા હતાં. મંડળના પ્રમુખ શ્રી સ્મૃતિબેન શાહે ડાકોરમાં ચા ,કોફી, ગોટા- દહીંનો નાસ્તો અને બપોર ના જમવામાં મોહનથાળ,ફૂલવડી સાથેનું ફુલ જમણની સુંદર વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ દરેક બહેનોએ રાજા રણછોડજી અને શ્રીમહાપ્રભુજી ની બેઠકજીનાં દર્શન કર્યા, ઝારીજી નો પણ લાભ લીધો. થોડોક સમય હોય તો બહેનો ખરીદી તો કરે જ ને ! ખરીદી નો આનંદ લઇ, એક વાગ્યે અમુલ ડેરી જવા રવાના થયા. રસ્તામાં અંતાક્ષરી ને મોજમસ્તી કરતાં બે વાગે અમુલ ડેરી પહોંચ્યા હતા.

શ્રી રાજેશભાઈ જે. શાહ ( જેઓ સમિરી વણિક સમાજ ના સભ્ય )ની મદદથી શ્રી મીતાબેન પરીખે અમૂલ ડેરીની મુલાકાત માટેની પરમિશન લીધી હતી . ડેરીની મુલાકાત દરમિયાન દરેક પ્રોડક્ટ્સ કેવી રીતે બને છે તેની મશીનરી બતાવીને ખૂબ સુંદર રીતે સમજ આપી. અમુલ ડેરી ના ઇતિહાસ માં થી ખૂબ જ્ઞાન મળ્યું.

**અમૂલ ડેરી નો ઇતિહાસઃ**

૧૯૪૨માં સરદાર વલ્લભભાઈ પટેલે દૂધ ઉત્પાદકોની દુર્દશા જોઈ અને ખેડૂતોનું જીવનસ્તર સુધારવા માટેની વિચારણા કરી. ૧૯૪૬માં અમુલ સરકારી મંડળીના શ્રી ગણેશ થયા. ૧૯૪૯માં ડોક્ટર વર્ગીસ કુરિયનનું આણંદ અમૂલ ડેરીમાં આગમન થયું.

૧૯૫૨ ખેડા સંઘે પોતાની ડેરી શરૂ કરી. ડેરી નો શિલાન્યાસ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદના વરદ હસ્તે, ૧૫ નવેમ્બર, ૧૯૫૪ના રોજ કર્યો. ૧૯૫૬માં એક લાખ લિટર દૂધની ક્ષમતા ધરાવતા ભારતનો પ્રથમ ડેરી પ્લાન્ટ બનાવ્યો. ૧૯૫૭માં અમૂલ ડેરી દૂધ બ્રાન્ડ નો જન્મ થયો. Anand Milk Union Limited ના પ્રથમ અક્ષરોથી નામ "Amul" રાખ્યું. ૨૦૧૮માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૂલ ચોકલેટ પ્લાન્ટ, તથા બીજી ઘણી પ્રોડક્ટ ઉત્પાદન નું ઉદ્‌ઘાટન કર્યું. ભારતમાં રોજનો ૫૦,૦૦,૦૦૦ લિટર દૂધ જમા થાય છે અને રોજનું ૨.૫ કરોડથી પણ વધુ દૂધની થેલીનું વેચાણ થાય છે. અમૂલ ડેરીનું ટર્નઓવર ૭૫ અરબ રૂપિયાથી પણ વધારે છે . આણંદ અમૂલ ડેરીમાં ચાર પ્રોડક્ટ બને છે. ગાય તથા ભેંસ નું દૂધ, બટર, દૂધનો પાવડર. અમુલ ડેરી ભારત ઉપરાંત બીજા ૫૬ દેશોમાં તેમની પ્રોડક્ટ નિકાસ કરે છે.

ત્યાર બાદ ગાર્ડનમાં બધી બહેનો એ ફોટોગ્રાફી કરી અને ડેરી પ્રોડક્ટ્સ ખરીદી નો આનંદ માણ્યો.

શ્રીમતી મીતાબેન રાકેશભાઈ પરીખ, દાદી બન્યાની ખુશીમાં દરેક બહેનોને અમૂલ આઈસ્ક્રીમ ની પાર્ટી આપી. જ્ઞાન, ગમ્મત, મોજમસ્તી આનંદ સભર દિવસ પસાર થવાથી સૌ ખૂશ હતાં. સાંજે સાત વાગ્યે અમદાવાદ પરત આવ્યા હતાં. પિકનીકમાં આવનાર દરેક બહેનોને મંડળ તરફથી શ્રી ઠાકોરજી માટે ગુલાબ અને મોગરા અત્તર આપવામાં આવ્યાં. કંઈક નવું જાણવા સાથે દર્શનનો આનંદ અને ઘણા વખત પછી પિકનિકના આયોજનથી દરેક બહેનોમાં સ્ફૂરતીનો સંચાર થયો હતો. શ્રી રાજેશભાઈ શાહનો મંડળ આભાર માને છે. જય શ્રીકૃષ્ણ કહી સૌ આનંદભેર છૂટા પડયાં હતાં.

મંડળને નીચે મુજબની ભેટ મળેલ છે

કૃપાબેન ભાવિનકુમાર શાહ – ૨૦૦ રૂપિયા, જન્મદિવસ નિમિત્તે

સ્મૃતિબેન ર. શાહ – ૫૦૦ રૂપિયા, ૬૦ વર્ષ પુરા થયા તે નિમિત્તે

| પ્રમુખ | સેક્રેટરી |
| --- | --- |
| **સ્મૃતિબેન આર. શાહ** | **સોનલ એસ. પરીખ** |

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## "યમુનાવાડી"ની પુસ્તિકાનું પ્રકાશન

"વાયડામિત્ર"ના ગયા અંકમાં જણાવ્યા મુજબ 'યમુનાવાડી' અંગેની પુસ્તિકાનું છાપકામ ચાલુ કર્યું છે. આ પુસ્તિકામાં ઉદ્‌ઘાટન સમારંભનો અહેવાલ, તમામ તૈલચિત્રો, રંગીન ફોટોગ્રાફ્સ, પાટણ જ્ઞાતિની વિગતો, વાયડ વિશેની વિગતો, લ્હાણદારોની યાદી વગેરે બાબતો સમાવી છે.

આ પુસ્તિકા મલ્ટીકલર, પાકા પુઠાનું, કાયમ સાચવી રાખવું ગમે તેવું બનશે. જ્ઞાતિજનો માટે તે યાદગાર બની રહેશે.

આ પુસ્તિકા માટે આર્થિક સહાય આપવા વિનંતી કરતાં ઘણાં ભાઈ બહેનોએ સુંદર પ્રતિભાવ દર્શાવ્યો છે. આપ જાહેરખબર શુભેચ્છા અગર શ્રદ્ધાંજલિ અંગે લખાણ મોકલી શકો છો. શ્રદ્ધાંજલિમાં વડીલનો રંગીન ફોટોગ્રાફ પણ છાપીશું. આખા પાનાનાં રૂ. 5000/- તથા અર્ધા પાનાના રૂ. 2500/- રાખેલ છે. ટાઈટલ પેજ 3 ના રૂ. 7500/- તથા ટાઈટલ પેજ 4 ના રૂ. 10,000/- રાખેલ છે.

આ અંક પ્રાપ્ત થયે બનતી ત્વરાએ મોડામાં મોડું 30 જૂન, 2022 સુધીમાં આપનું લખાણ મોકલી આપવા વિનંતી છે.

શુભેચ્છા, જાહેરખબર કે શ્રદ્ધાંજલિનું લખાણ મારા નીચે જણાવેલ ટેલીફોન નંબર પર મોકલી આપવા વિનંતી છે અથવા મારા સરનામાં પર પોસ્ટ કરવા વિનંતી છે.

આપની રકમો ચેક "પાટણ દશા વાયડ વણિક જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ" એ નામનો મોકલવા વિનંતી છે. તમે બેન્ક ઓફ ઇન્ડિયા પાટણ બ્રાંચમાં એકાઉન્ટ નંબર 220210100009060 તથા IFSC code BKID0002202 ઉપર પણ રકમ જમા કરાવી શકશો તે બાબતની જાણ કરવા વિનંતી છે.

**– શરદભાઈ પી. શાહ, ચેરમેન, યમુનાવાડી,**
**5-6, અણમોલ વિલા-2, રામોસણા રોડ, મહેસાણા - 384 002**
**ટે. નં. 94297 36365**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

## નોંધનીય / પ્રેરણારૂપ



આપણી જ્ઞાતિના માનનીય વડીલ, જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટના પ્રમુખ અને વર્ષોથી જ્ઞાતિના કાર્યોમાં સતત સક્રીય એવા અમદાવાદના શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ હાલમાં ખુબ ઉમદા કાર્યો કરી રહ્યાં છે જે આપણે સૌ જ્ઞાતિજનો માટે નોંધનીય અને પ્રેરણારૂપ છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ એ સામાજિક, ધાર્મિક, દાક્તરી સારવાર, ભણતર તથા ગરીબ, જરૂરિયાતવાળા લોકોના કલ્યાણઅર્થે માતબર રકમનું દાન આપેલ છે.

હાલમાં તેઓ એ સમસ્ત વૈષ્ણવ પરિવારને વૈષ્ણવ સમાજના લાભાર્થે SVVP ની Scheme પ્રમાણે રૂ. ૨૧,૦૦,૦૦૦/- ની રકમ ત્રણ હપ્તામાં આપવાની બાંહેધરી આપેલ છે જે પૈકી રૂ. ૭,૦૦,૦૦૦/- નો પહેલો હપ્તો આપેલ છે.

તદ્ઉપરાંત, સપ્ટેમ્બર, ૨૦૨૧માં વલ્લભ વિદ્યાનગર ખાતેની બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (એન્જિનિયરીંગ કોલેજ)ને વર્ગખંડો નવીનીકરણ માટે રૂ. ૫,૫૦,૦૦૦/- તથા ઝગડિયા, ભરૂચ ખાતે સેવા રૂરલ હોસ્પિટલને સંસ્થાના વિસ્તરણ માટે રૂ. ૫,૦૦,૦૦૦/- દાન પેટે આપેલ છે.

આ ઉપરાંત તેઓએ તેમના માતા પિતા તથા સાસુ સસરાના સ્મરણાર્થે બે ટ્રસ્ટની સ્થાપના કરી છે જેમાંથી દર વર્ષે આશરે રૂ. ૪ થી ૫ લાખની રકમ દાક્તરી સારવાર, ભણતર તથા ગરીબ જરૂરિયાતવાળા લોકોના કલ્યાણ અર્થે ફાળવે છે.

આપણી સમસ્ત જ્ઞાતિમાં જે પણ જ્ઞાતિજનોને કોઈ પણ જાતની આર્થિક સહાયની જરૂર હોય તો તે સહાય આપવા તેઓ કાયમ તત્પર છે અને તે તેમના માટે આનંદની વાત છે. આથી, આપણી સમસ્ત જ્ઞાતિમાં જે જ્ઞાતિજનને આર્થિક સહાયની જરૂર હોય એ એમનો સંપર્ક કરી શકે છે. આ અંગેની તમામ માહિતી ગુપ્ત રાખવામાં આવશે.

આવા ઉમદા અને માનવીય કાર્યો બદલ માનનીય શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખને ખુબ ખુબ અભિનંદન. આપણી જ્ઞાતિ માટે આપ પ્રેરણારૂપ વ્યક્તિત્વ છો. પ્રભુ તમને આવા ઉમદા અને માનવીય કાર્યો કરવાની સતત પ્રેરણા આપતા રહે અને તમને શારીરિક, માનસિક અને આર્થિક બળના આશીર્વાદ બક્ષે. – તંત્રી

# અહેવાલ

તા. 7-2-2022 વાયડ મુકામે હવન બાદ વિસાવાયડાની ધર્મશાળામાં જ્ઞાતિની મિટિંગ મળેલ. જેમાં પાટણની વિસાવાયડાની જ્ઞાતિની વાડીનો ગુંચવાયેલો પ્રશ્ન, ખૂબ જ સારી રીતે પતાવી આપવા બદલ, મિટીંગમાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ડૉ. કિશોરભાઈ ગાંધીનું અભિવાદન કરેલ. સેક્રેટરી વિજયભાઈ ગાંધી અને ભરતભાઈ ગાંધીએ સાલ ઓઢાડી ડૉ. કિશોરભાઈનું બહુમાન કરેલ અને આભાર વ્યક્ત કરેલ.

**– વિજયભાઈ ગાંધી**
**ભરતભાઈ ગાંધી**

★★★

## સ્વીટ એન્ડીંગ

## (હોમમેડ આઈટમસ)

ચોકલેટ (ડાર્ક, સ્વીટ, વ્હાઈટ, ફરેરો રોશર, ડ્રાયફ્રુટ, ચોકોચીપ્સ, બટરસ્કોચ) ચોકલેટ બુકે, ફોટો બુકે (તમારી પસંદ પ્રમાણે) હોમ મેડ મીણબત્તી (સુગંધવાળી, નોર્મલ અને તમે કહો એ થીમની)

રેસીન આર્ટ (કીચન ટ્રે)
ક્વીલીંગ આર્ટ (કાર્ડ, શો પીસ, કવર)
કપ કેક (બધા જ પ્રકારની)
મુખવાસ (100 gm, 250 gm, 500 gm, 1 kg)

**જીજ્ઞા પરીખ**
35, પ્રોફેસર કોલોની,
વિજય રેસ્ટોરન્ટની નજીક,
ચાઈલ્ડ કેરની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ.
Mobile : 94287 37580

## Shree vayada vanik seva trust
## APPLICATION FOR FINANCIAL ASSISTANCE FOR EDUCATION

| | |
|---|---|
| Student's Name<br>વિદ્યાર્થીનું નામ | |
| Residential Address<br>રહેઠાણનું સરનામું | |
| Age / વિદ્યાર્થીની ઉંમર | |
| Standard / Semester Studying<br>અભ્યાસનું વર્ષ / સેમિસ્ટર | |
| Under going course (for higher Study only) કોર્સનું નામ | |
| School / College / Institute Name and Address<br>સ્કૂલ/સંસ્થાનું નામ તથા સરનામું | |
| Grade /(%) obtained in Last Exam<br>ગત પરીક્ષામાં મેળવેલા માર્કસ | |
| School / College / Institute Fees (Annual) / સંસ્થાની ફી (વાર્ષિક) | |
| Private Class / Tution Fees (Annual)<br>ટ્યુશન ફી (વાર્ષિક) | |
| Study Material Cost (Annual)<br>વાંચન સાહિત્યની કિંમત | |
| Seminar / Conference Fees (Annual) / સેમીનાર- કોન્ફરન્સ ફી | |
| Total education cost (Annual)<br>વાર્ષિક કુલ ખર્ચ | |
| Father's Name & Age<br>પિતાનું નામ – ઉંમર | |
| Father's occupation<br>પિતાની આર્થિક પ્રવૃતિ | |
| Mother's Name and Age<br>માતાનું નામ – ઉંમર | |

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ-કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

| | |
|---|---|
| Mother’s occupation<br>**માતાનો વ્યવસાય** | |
| No. of Brother and Sister<br>**ભાઈ – બહેનોની સંખ્યા** | |
| Annual Income of Family (INR)<br>**કુટુંબની વાર્ષિક આવક** | |
| Phone No. (M) / ફોન નં. (મો.) | |
| Email ID / ઈ–મેલ આઈ ડી : | |
| Financial Assistance received from other sources (INR)<br>**બીજી કોઈ સંસ્થા તરફથી આર્થિક મદદ મળી હોય તો તેની વિગત** | |
| Financial Assistance Required (INR) જરૂરિયાતની રકમ : | |
| અરજદારની સહી (Sign of Applicant) | |

સૌ જ્ઞાતિજનોને વિદિત થાય કે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે પાછલા અમુક વર્ષોથી શિક્ષણને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે અને તે અંતર્ગત શિક્ષણ માટે નાણાકીય સહાય (પાત્ર હોય તેવા જ્ઞાતિજનો માટે) પૂરી પાડવામાં આવે છે. આ વર્ષે પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે. આ અંગે નાણાકીય સહાય જરુરી હોય તેવા જ્ઞાતિજનો ઉપર મુજબનાં ફોર્મમાં અરજી મોકલી શકે છે. નાણાકીય સહાય ઉપરાંત જ્ઞાન સાથે અનુભવની જરુરિયાત પણ પૂરી પાડવાનો હેતુ છે. જે જ્ઞાતિજનોને આ અંગે મદદની જરુર હોય તેઓ પણ પોતાની અરજી મોકલી શકે છે.

**અરજી મોકલવાનું નામ અને સરનામું :–**

**શ્રી સુનીલભાઈ આર. શાહ :** બી–૨૦૧, શિરોમણી રેસીડેન્સી, નેહરૂનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫. મો.નં.: ૯૮૨૫૦૪૬૨૮૨

**શ્રી મેહુલભાઈ એસ. શાહ :** ૨, એમ્બીયન્સ એપાર્ટમેન્ટ, ૮, નવયુગ સોસાયટી, સ્ટેટ બેંક ઝોનલ ઓફીસ પાસે, નેહરૂનગર, અમદાવાદ–૧૫ મો.: ૯૮૨૫૪૩૧૬૬૬

ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ સદરહુ ટ્રસ્ટના નીતિ નિયમોને આધીન રહેશે. સમિતિ નીતિ નિયમો ને આધીન નિર્ણય લેશે અને સમિતિનો નિર્ણય આખરી રહેશે. તમામ માહિતી ખાનગી રહેશે.

**– શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ**

## એસ. જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

આ ટ્રસ્ટ જાહેર હિતના કામો માટે પોતાની આવકની મર્યાદામાં રહીને નાણાંકીય સહાય કરે છે. તેના એક ભાગરૂપે ઓછી આવક ધરાવતાં કુટુંબોને તેમનાં સંતાનોના ઉચ્ચ શિક્ષણ માટે તથા કુટુંબના સભ્યની ખર્ચાળ તબીબી સારવાર માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે. આવકના કશાય સાધન વિના એકાકી જીવન ગુજારતા વૃદ્ધોને પણ સહાય આપવામાં આવે છે. આ હેતુઓ માટે જેમને સહાયની જરૂર હોય તેમણે જરૂરી વિગતો અને પ્રમાણોની ફોટો કોપી તા. ૩૦–૯–૨૦૨૨ સુધીમાં એસ.જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગૌરાંગ રમેશભાઈ શાહ, ૨૦૨–ઘનશ્યામ એવન્યુ, નવા શારદા મંદીર સ્કુલ સામે, પાલડી, અમદાવાદના સરનામે મોકલવી. સહાય આપવી કે કેમ અને કેટલી જ આપવી તે અંગેનો ટ્રસ્ટીઓની નિર્ણય આખરી ગણાશે.

– ગૌરાંગ શાહ

## Matrimonial

Looking for an appropriate match for a boy from Ahmedabad. details as below.

**D.O.B.** : 26th Feb, 1996

**Education** : Masters in Construction and Infrastructure Management (Swinburne University) Melbourne, Australia.

**Occupation** : Working in a reputed construction company in Sydney, Australia.

**Height** : 5' 4"

Kindly get in touch through below mentioned contact details with boidata / profile

**Email** : smeet.2004@yahoo.com

**Mobile** : 83068 68007, 98985 93759

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ,** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## અવસાન

**અમદાવાદ** : મૂળ પાટણના વતની લતાબેન સતિષચંદ્ર પરીખ, ઉ. વર્ષ 82, તા. 7-5-2022નાં રોજ.

**મુંબઈ** : જયશ્રીબેન લલિતભાઈ શાહ (તે ભૂજના સ્વ. ચમનલાલ હરજીવન શાહનાં પુત્રી) તા. 9-5-2022નાં રોજ.

મુંબઈ : ઉષાબહેન વ્રજેશભાઈ પરીખ, તા. ૩૦/૫/૨૨ નાં રોજ, ઉ.વ ૭૭

ચૈત્ર સુદ – 5 ને બુધવારે તા. ૬/૪/૨૨ના રોજ ડાભી તા. ઉંઝા જિ. મહેસાણા મુકામે શ્રી સમીરી કામદાદેવી માતાજીના મંદિરે સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ અન્નકુટનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી સમીરી કામદા દેવી માતાજીના યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ.

યજ્ઞની પૂર્ણાહૂતી સાંજે ૫.૦૦ કલાકે માતાજીની ભોજન પ્રસાદી લીધા બાદ કરવામાં આવી.

**– ડાભી શ્રી સમીરી કામદાદેવી મંદિર**

## શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ

શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી કેમ્પ હનુમાન યાત્રા પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/– ભેટ મળેલ છે.

## શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. પ્રફુલભાઈ ઠાકરશી શાહ**

**જન્મ તારીખઃ ૨-૯-૧૯૬૨, નલિયા સ્વર્ગવાસઃ ૨૭-૫-૨૦૨૦, ભુજ**

સુની થઈ ગઈ મનની દિવાલો,
સુના થઈ ગયા ઘરના આંગણીયા,
પ્રેમથી આવકારો દેનારા હવે નહિ મળે,
જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્યાં એવા કાર્યો કે સૌના હૃદયમાં ગુંજયા કરે,
દુ:ખથી કદી કર્યાં નહિ, સુખથી કદી છલકાયા નહિ,
વહેવાર કદી ચૂકયા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી,
સૌના હૃદયમાં વસતા વસતા પરમ કૃપાળુ પરમાત્મા,
આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ઠાકરશી જેઠાલાલ શાહ — ચન્દ્રપ્રભા ઠાકરશી શાહ
કિશોરભાઈ પ્રાગજી શાહ — રેખાબેન કિશોરભાઈ શાહ
વિપુલ ઠાકરશી શાહ — પૂર્વિ વિપુલ શાહ
વિમળાબેન છોટાલાલ શાહ — સરલાબેન શિરીષભાઈ શાહ
પ્રવિણાબેન પ્રદીપભાઈ શાહ — પ્રીતિબેન પરેશભાઈ શાહ

પ્રીતિબેન પ્રફુલભાઈ શાહ
રોનક પ્રફુલભાઈ શાહ
હિરલ, રાધિકા, હિમાદ્રી, જય, હર્ષ

**સ્વ. જેઠાલાલ મોરારજી શાહ પરિવારના સૌને જય શ્રી કૃષ્ણ**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ★★★

नै नं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥



**સ્વ. ભુપેન્દ્રભાઈ રમણીકલાલ કિનખાબવાલા**
**સ્વ.તા. ૧૩/૫/૨૦૨૧**

પરિવાર જેમનું મંદિર હતું,
સ્નેહ જેમની શક્તિ હતી,
સદા હસતો ચહેરો જેમની ઓળખ હતી,
નથી હયાત, પણ છો તેવું લાગ્યા કરે છે,
પ્રભુ એવા પુણ્ય આત્માને દિવ્ય શાંતિ આપે.

લિ.
ઈલાબેન ભુપેન્દ્રભાઈ કિનખાબવાલા
વિપુલ ભુપેન્દ્રભાઈ કિનખાબવાલા
કેતના વિપુલ કિનખાબવાલા
કથન વિપુલ કિનખાબવાલા
કામિની આશિષકુમાર શાહ
આશિષ દશરથભાઈ શાહ
રજનીકાંત રમણિકલાલ કિનખાબવાલા
અશોક રમણિકલાલ કિનખાબવાલા

**સમસ્ત કિનખાબવાલા પરિવાર**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.

પ્રકાશન ૧૦/૬/૨૦૨૨




# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH